

ગુરુકહાન તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યા,
ભવ ભવ રહો અમ આત્મને સાંનિધ્ય આવા સંતનાં.

કહાન સંવત-૮ □ (૫૩૫) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૧ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૪ મે, ૧૯૮૮

# નિજ શુદ્ધ અસ્તિત્વને ખ્યાલમાં લે

જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ. દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય—આત્માની પ્રાપ્તિ થાય. તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડ્યા બરાબર છે. ૩૮૫.

[ બહેનશ્રીના વચનામૃત ૩૮૫ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

'જીવે અનંત કાળમાં અનંત વાર બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નહિ.'

'જીવે બધું કર્યું' એટલે શું? વ્યવહાર શ્રદ્ધાના ને વ્રત-તપ-ભક્તિ વગેરેના શુભ ભાવ તેમ જ વિષય-કષાયના અશુભ ભાવ—બધું જીવે કર્યું. ક્યારે અને કેટલી વાર? ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં અનાદિ કાળથી અનંત વાર શુભાશુભ ભાવો અને બહિર્લક્ષી જાણપણું કર્યું; પણ સમસ્ત શુભાશુભ ભાવો તથા બહારનાં જાણપણાંથી જુદા નિજ આત્માને—પોતાના શુદ્ધ અસ્તિત્વમય પ્રભુને—ઓળખ્યો નહિ, પોતાના શુદ્ધ ચૈતન્યદળ તરફ નજર કરી નહિ.

'દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો આત્માની નક્કર ભૂમિ જે આત્મ-અસ્તિત્વ તેને ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય—આત્માની પ્રાપ્તિ થાય.'

વીતરાગ દેવ-ગુરુ આત્માનું સહજ શુદ્ધ સ્વરૂપ શું છે તે બરાબર ધ્યાન આપીને અંતરની જિજ્ઞાસાથી સાંભળ્યું નહિ; કદાચિત્ ભાગ્યયોગે સાંભળવામાં આવ્યું, તો તેનો ઊંડાણથી વિચાર કર્યો નહિ; તેથી આત્માની સાચી ઓળખાણ થઈ નહિ. હવે, જો દેવ-ગુરુનો ઉપદેશ અંદરની જિજ્ઞાસાથી બરાબર સાંભળી, તેનો વિચાર કરે તો નિજ જ્ઞાયક આત્માની નક્કર ધ્રુવ ભૂમિ—અસલ વિજ્ઞાનઘન, કાયમ એકરૂપ રહેનારું વજ્રોપમ એકલું જ્ઞાનદળ, જેમાં પરિણમતી પર્યાયોનો પ્રવેશ નથી અને જે સ્વયં પર્યાયમાં કદી આવતું નથી—પર્યાયરૂપ થતું નથી, એવું આનંદ તેમ જ

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૩ ]

કહાન સંવત-૮
વર્ષ-૪૪
અંક-૧૧
[ ૫૩૫ ]

વીર સંવત ૨૫૧૪
સં. ૨૦૪૪
MAY
A. D. 1988




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પરમાત્મ-સ્વરૂપની દૃષ્ટિથી મોક્ષમાર્ગનો પ્રારંભ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૧૧ )

શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ ભાગની આ ૧૩ મી ગાથા શરૂ થાય છે. શ્રી યોગીન્દુદેવ ત્રણ પ્રકારના આત્માની સંજ્ઞા અને બહિરાત્માનું લક્ષણ કહે છે.

આત્મદ્રવ્ય છે તે તો અનંત જ્ઞાન દર્શનાદિ શુદ્ધસ્વભાવનો પિંડ છે, પણ આત્માની પર્યાયમાં ત્રણ ભેદ પડે છે; બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. આ ત્રણ પ્રકાર છે. તેમાંથી અહીં બહિરાત્માનું લક્ષણ કહે છે.

મૂઢ અર્થાત્ મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણમેલો આત્મા બહિરાત્મા છે. જેને પોતાના શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુની દૃષ્ટિ થઈ નથી અને પોતાના અંતરસ્વરૂપથી બાહ્ય શરીર, વાણી, મન અને પુણ્ય-પાપ રાગાદિભાવ તેને પોતાના માને છે તે બહિરાત્મા છે. એક સમયમાં જે પોતાનું પૂર્ણ અસ્તિત્વ છે તેને જાણતો નથી, સ્વીકારતો નથી અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, માયા આદિના ભાવ તે જ હું એમ માનીને મિથ્યા-ભ્રમરૂપે પરિણમે છે તે બહિરાત્મા–મિથ્યાદૃષ્ટિ છે.

ચૈતન્યવસ્તુને જુઓ તો એ તો એક સમયમાં શુદ્ધ–બુદ્ધ ચૈતન્યઘન છે. શુદ્ધ એટલે નિર્મળ અને બુદ્ધ એટલે જ્ઞાનનો ઘનપિંડ છે અને એ જ વસ્તુની પર્યાયમાં ત્રણ પ્રકારના ભેદ છે. તેમાં બહિરાત્મા છે તે પોતાના સ્વરૂપને તો ઓળખતો નથી અને વિકાર તથા શરીરની ક્રિયામાં 'હું પણું' માને છે તે બહિરાત્મા વિકારનો સાધક છે, શુદ્ધાત્માનો સાધક નથી અને પરમાત્માનો પણ તે સાધક નથી.

કોઈને એમ થાય કે શરીર-વાણીના કાર્ય અમે કરીએ છીએ એમ માનીએ છીએ પણ શરીર-વાણીને અમારા માનતા નથી. તો એમ બને જ નહિ. જે જેનો કર્તા થાય છે તેને પોતાના માન્યા વગર રહેતો જ નથી. આવા બાહ્ય દૃષ્ટિવંત જીવો મિથ્યા ભ્રમણા અને રાગ-દ્વેષરૂપે પરિણમે છે તેને અહીં બહિરાત્મા-અધર્માત્મા-સંસારાત્મા કહ્યો છે.

જે વિચક્ષણ એટલે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલા આત્મા તે અંતરાત્મા છે. અંતરાત્મા સ્વરૂપના સાધક છે. જેણે સ્વરૂપની દૃષ્ટિ કરી વીતરાગ નિર્વિકલ્પ સમાધિને અંશે સાધી છે-અનાકુળ અતીન્દ્રિય આનંદરસનો અંશે સ્વાદ ચાખ્યો છે તે અંતર દૃષ્ટિવંત ધર્માત્મા અંતરાત્મા છે, સાધક છે. ચોથાથી બારમાં ગુણસ્થાન સુધીના જીવોને અંતરાત્મા કહેવાય છે.

આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે તેની નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને જેણે અનંતાનુબંધીના અભાવથી અંશે સમાધિ અથવા શાંતિ પ્રાપ્ત કરી છે, તેમાં જે સ્થિત છે અને પૂર્ણ શાંતિસ્વરૂપ વસ્તુમાં જેની દૃષ્ટિ પડી છે તેને શુદ્ધાત્માનો સાધક અથવા પૂર્ણ પરમાત્મ-દશાનો સાધક-અંતરાત્મા કહેવાય છે.

બહિરાત્માને મૂઢ કહ્યો છે તેની સામે અંતરાત્માને વિચક્ષણ કહ્યો છે. અંતરાત્મા પૂર્ણ શુદ્ધ શાંત ચિદાનંદમૂર્તિ આત્માને સાધી રહ્યાં છે અને બહિરાત્મા પુણ્ય-પાપ વિકારને સાધી રહ્યો છે, તે મિથ્યાભ્રમરૂપે પરિણમેલો છે, માટે તેને મૂઢ આત્મા-બહિરાત્મા-અવિચક્ષણ—સંસારસાધક આત્મા કહ્યો છે.

ભગવાન સર્વજ્ઞદેવે શુદ્ધ આત્માને પુણ્ય-પાપ વિકાર, શરીરાદિથી રહિત જોયો છે, આવા શુદ્ધસ્વરૂપની દૃષ્ટિપૂર્વક જે નિજસ્વરૂપને સાધી રહ્યો છે તેને ભગવાન અંતરાત્મા કહે છે.

એક સેકંડના અસંખ્યમાં ભાગમાં જે પૂર્ણ શુદ્ધ ચિદાનંદ ભગવાન આત્મા આસ્રવ, શરીર, કર્મ આદિથી રહિત છે તેને વિકારથી અને શરીરથી સહિત માને છે તે બહિરાત્મા-મૂઢ છે અને હું રાગ અને શરીરથી રહિત પૂર્ણ આનંદ અને જ્ઞાનનો કંદ છું એવી અનુભવ-દૃષ્ટિ કરીને હું શુદ્ધ પૂર્ણાનંદ વીતરાગ સ્વરૂપ છું એમ જાણે અને અંશે વીતરાગતારૂપે પરિણમે તે અંતરાત્મા છે.

હું રાગ અને શરીરવાળો છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે અને હું રાગ અને શરીરથી રહિત શુદ્ધ ચૈતન્ય છું એવી શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે.

જગતના જીવો સત્ય સમજવાને લાયક નથી એટલે તેને આ સત્ય વાત કાને પડવી પણ મુશ્કેલ છે. આ ભાષા તો સાદી અને સરળ છે. કોઈ પંડિતાઈની વાત નથી. આ વાત સમજે તે જ ખરો પંડિત છે.

નિર્મળાનંદ ભગવાન આત્માને જે પ્રતીતિમાં લે છે તેની પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય છે. તે જીવ વિચક્ષણ છે-અંતરાત્મા છે. દ્રવ્યસ્વભાવે પોતે પરમાત્મા છે. તેની દૃષ્ટિ અને અનુભવ કરે છે ત્યાં પર્યાયમાં પરમાત્મા થવાની તૈયારી થઈ જાય છે. તે અંતરાત્મા પરમાત્માનો—પૂર્ણ પર્યાયનો સાધક છે. વિકારનો સાધક નથી.

પરમાત્મા કેવા હોય?–કે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત શુદ્ધ બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો આત્મા તે પરમાત્મા છે. સ્વભાવથી તો દરેક આત્મા પરમાત્મા છે પણ વર્તમાન પર્યાય પણ જેની ભાવકર્મ-રાગાદિ ભાવ અને દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત અને અનંત જ્ઞાનાદિ સહિત થઈ છે તે પરમાત્મા છે. અંતરાત્માને પર્યાયમાં ભાવ-કર્મ છે પણ દૃષ્ટિમાં તે ભાવકર્મ આદિથી રહિત આત્માને દેખે છે. જ્યારે પરમાત્મા તો પર્યાયમાં પણ ભાવકર્મ આદિથી રહિત થયા છે.

એકલા રાગ અને શરીરવાળો તે જ હું એવી બુદ્ધિ તે બહિરાત્મબુદ્ધિ છે અને રાગ, શરીરાદિ સાથે સંબંધ હોવા છતાં હું તો શુદ્ધ અખંડાનંદમૂર્તિ છું એવી બુદ્ધિ તે અંતરાત્મબુદ્ધિ છે. તેમાં રાગનો સર્વથા અભાવ થયો નથી પણ દૃષ્ટિમાં રાગરહિત શુદ્ધ પરિણમન થયું છે માટે એવા જીવોને અંતરાત્મા કહ્યાં છે અને જેને પર્યાયમાં પણ રાગ, શરીરાદિ સાથે બિલકુલ સંબંધ રહ્યો નથી, શુદ્ધ બુદ્ધ એક સ્વભાવે પરિણમે છે તેને પરમાત્મા કહેવાય છે. પર્યાયદૃષ્ટિએ આત્માના આવા ત્રણ ભેદ સર્વજ્ઞના મત સિવાય બીજે ક્યાંય નથી.

પરમાત્મા શુદ્ધ, બુદ્ધ છે એટલે શુદ્ધ કહેતાં રાગાદિથી રહિત અને બુદ્ધ કહેતાં અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયથી સહિત થયાં છે તે પરમાત્મા છે. આત્મવસ્તુ તો ત્રિકાળ એકરૂપ છે પણ પર્યાયમાં પણ એવું જ પરિણમન થાય તેને પરમાત્મદશા કહેવાય છે.

એક તરફ શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે અને એક બાજુ દેહ છે. તેમાંથી જે જીવ વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી તેની દૃષ્ટિ દેહ ઉપર જ રહે છે અને દેહદૃષ્ટિ-વાળાને રાગ તો હોય જ છે. આમ, દેહ અને રાગાદિમય પોતાને માનનારો, વીતરાગ નિર્વિકલ્પ પરમાનંદ સમાધિને નહિ પામતો મૂર્ખ–અજ્ઞાની છે.

દેહ તો અચેતન છે પણ શુભાશુભ વિકારીભાવમાં પણ ચૈતન્યપ્રકાશ નથી માટે તે પણ અચેતન છે. તેનો જે કર્તા થાય છે એવો અજ્ઞાની તે રૂપ જ પોતાને માને છે. તેથી રાગ અને શરીરથી રહિત નિજ સ્વભાવની દૃષ્ટિ કરતો નથી તેથી તેને વીતરાગ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થતી નથી. આવી પરમાનંદ દશાને નહિ પ્રાપ્ત કરતો તે અજ્ઞાની–મૂર્ખ છે. આવો અજ્ઞાની જીવ ૧૧ અંગ ૯ પૂર્વ ભણ્યો હોય તોપણ મૂર્ખ છે કેમ કે તેની પર્યાયમાં ચૈતન્યનો પ્રકાશ આવ્યો નથી, ચૈતન્યની સમાધિ-શાંતિ પ્રગટ થઈ નથી માટે તે અજ્ઞાની મૂર્ખ છે.

આહાહા....! જુઓ તો ખરા! બહુ જ્ઞાનનો ક્ષયોપશમ હોય તો આત્મા પ્રાપ્ત થાય એમ ન કહ્યું. બહુ કષાયની મંદતા હોય તો સમ્યગ્દર્શન થાય એમ પણ નથી. વિકાર રહિત સ્વભાવની શ્રદ્ધા અને સમાધિ-શાંતિ વિના લાખ ઉપાય કરવાથી પણ આત્મા પ્રાપ્ત થતો નથી.

આ ત્રણ પ્રકારના આત્મામાંથી બહિરાત્મા હેય છે. તેની અપેક્ષાએ જો કે અંતરાત્મા ઉપાદેય છે તોપણ સર્વ પ્રકારે ઉપાદેયભૂત પરમાત્માની અપેક્ષાએ તે હેય છે એવો આ ગાથાનો તાત્પર્યાર્થ છે.

બહિરાત્મા તો શરીર અને રાગાદિમાં જ હુંપણું કરી રહ્યો છે તેની અપેક્ષાએ નિજ શુદ્ધ ચિદાનંદમૂર્તિના અનુભવથી પ્રાપ્ત થતી વીતરાગ શાંતિ-સમાધિનો અંશ પણ ઉપાદેય છે. તોપણ સર્વથા રાગાદિ રહિત અને કેવળજ્ઞાનાદિ સહિત પરમાત્મદશા પ્રગટ કરવા માટે ઉપાદેય છે તેની અપેક્ષાએ અંતરાત્મદશા હેય છે. પ્રગટ કરવાની અપેક્ષાએ સર્વ પ્રકારે એક પરમાત્મદશા ઉપાદેય છે. તેની અપેક્ષાએ અંતરાત્મા હેય છે પણ બહિરાત્માની અપેક્ષાએ અંતરાત્મા ઉપાદેય છે.

અરે! આ જીવે અનંતકાળમાં ઘણું કર્યું અને નવમી ગ્રૈવેયક જઈ આવ્યો પણ આત્મજ્ઞાન ન કર્યું. અગિયાર અંગ નવ પૂર્વનું જ્ઞાન કર્યું, અઠ્યાવીસ મૂળ ગુણ પાળ્યાં, રાગની ઘણી મંદતા કરી પણ સ્વભાવની દૃષ્ટિ ન કરી માટે તે બધું એકડાં વિનાના મીંડા જેવું છે. પરસત્તાવલંબી જ્ઞાન અને રાગની મંદતા એ વસ્તુના સ્વભાવમાં છે જ નહિ. તેની દૃષ્ટિ કરી અને સ્વભાવની દૃષ્ટિ ન કરી તેણે કાંઈ કર્યું નથી.

હવે ૧૪ મી ગાથામાં મુનિરાજ કહે છે કે જે પરમસમાધિમાં સ્થિત થયો થકો દેહથી ભિન્ન જ્ઞાનમય પરમાત્માને જાણે છે તે અંતરાત્મા છે.

જુઓ! 'પરમ સમાધિ' શબ્દ વાપર્યો છે તે ચોથાથી બારમાં ગુણસ્થાનવાળાને લાગુ પડે છે. અજ્ઞાની જેને સમાધિ માને છે તેની આ વાત નથી. અંતર આત્માની દૃષ્ટિ કરતાં પર્યાયમાં જે શાંતિનો અંશ પ્રગટ થાય છે તેનું નામ 'પરમ સમાધિ' છે.

આત્મા પૂર્ણ....પૂર્ણ....પૂર્ણ સમાધિ—વીતરાગી શાંતસ્વભાવે પડ્યો છે તેની પ્રતીતિ, જ્ઞાન અને અનુભવ કરતાં જે શાંતિ પ્રગટ થાય છે તેને પરમ સમાધિ કહી છે. માત્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ક્ષય થયો હોય છતાં પરમ સમાધિસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરવાથી શાંતિ પ્રગટ થઈ છે માટે તેને પણ પરમસમાધિ કહી છે. આવી પરમ-સમાધિમાં જે સ્થિત છે તેને અંતરાત્મા કહેવાય છે.

પંડિત કોને કહેવા?-કે જે જ્ઞાનમય નિજ પરમાત્મવસ્તુનું વેદન કરે છે-શાંતિને અનુભવે છે તે જ પંડિત છે. તે જ વિવેકી છે. માત્ર શાસ્ત્રના જાણપણાથી કોઈ પંડિત

નથી. કેમ કે શાસ્ત્રનું જાણપણું તે આત્મા નથી. જેને થોડું શાસ્ત્રજ્ઞાન થાય ત્યાં તો હું કંઈક જાણું છું, હવે મારે કાંઈ સાંભળવાની જરૂર નથી એવું અભિમાન પોષાય છે તે ખરેખર કાંઈ જાણતો નથી.

ભલે કાંઈ જાણતો ન હોય, કાંઈ પ્રશ્ન કરતાં ન આવડે, ઉત્તર દેતાં ન આવડે પણ જેને આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ થયાં છે તે ખરો પંડિત છે. જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન કરે તે પંડિત છે.

આહાહાહા! બહુ સરસ વાત લીધી છે. દેહથી ભિન્ન જ્ઞાનમય ભગવાન આત્માનું જ્ઞાન કરે તે પંડિત છે, તે જ આત્મા છે તે જ વિવેકી છે. એ જીવ અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે.

પંડિત કહો, વિચક્ષણ કહો, અંતરાત્મા કહો, ધર્માત્મા કહો, વિવેકી કહો, ભેદજ્ઞાની કહો કે સાધક કહો, બધું એક જ છે. તે જ મોક્ષને સાધનારો મોક્ષમાર્ગી જીવ છે.

એકલો જ્ઞાનનો પિંડ આત્મા—કેવળજ્ઞાનનો સૂર્ય છે. જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન પ્રકાશનો સૂર્ય છે. એવા જ્ઞાનસૂર્યનું જ્ઞાન કરે તે વિચક્ષણ-ધર્માત્મા છે. અનંત સર્વજ્ઞો, અનંત કેવળીઓ, અને વીતરાગી સંતોએ આવા જીવોને વિચક્ષણ કહ્યાં છે.

આત્મા કેવળ જ્ઞાનમય છે એટલે શરીર, વાણી, મન, કર્મના સંબંધ રહિત એકલો જ્ઞાનમય છે. આવા પૂર્ણ જ્ઞાનમય આત્માની દૃષ્ટિથી જુઓ તો આત્મા સર્વથા દેહાદિથી રહિત છે. અને અશુદ્ધ નિશ્ચયનયથી જુઓ તો પર્યાયમાં રાગ સાથે સંબંધ છે. અને અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મ સાથે પણ જીવને સંબંધ છે. પણ આ બધો વ્યવહાર માત્ર જાણવાલાયક છે. આદરવા લાયક તો એક જ્ઞાનમય શુદ્ધાત્મા જ છે.

અહીં કેવળ જ્ઞાનમય કહેતાં કેવળજ્ઞાનની પર્યાય ન સમજવી પણ કેવળ એટલે એકલા જ્ઞાનમય આત્માની વાત સમજવી.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ જ્ઞાન સમાધિ-શાંતિ-વીતરાગભાવનો પિંડ છે. તેની પરમ સમાધિમાં લીન થયો થકો જે પોતાના આત્માને જેવો છે તેવો જાણે છે તે વિવેકી અંતરાત્મા છે-સમ્યગ્દૃષ્ટિ છે.

અહા....! મુનિરાજે લહલહતા લાડવા તૈયાર કરીને મૂક્યાં છે. આ ચોથાથી બારમાં ગુણસ્થાનવાળા સાધક-અંતરાત્માની વાત છે. તેમાં કોઈને થોડી વીતરાગતા અને કોઈને વિશેષ વીતરાગતા એવા ભેદ હોય પણ સામાન્યપણે જે કોઈ વીતરાગ નિર્વિકલ્પ સહજ આનંદરૂપ એક શુદ્ધાત્માનુભૂતિ જેનું લક્ષણ છે એવી સમાધિમાં સ્થિત થયા થકા આત્માને જાણે છે તે બધાં અંતરાત્મા છે. આ બધા પરમાત્મદશાને પ્રાપ્ત કરવા માટે તલસી રહ્યા છે, તેને કોઈ પુણ્ય કે સ્વર્ગાદિની કામના નથી.

આવા અંતરાત્માને પણ પરમાત્મદશા ઉપાદેય છે-પ્રગટ કરવા લાયક છે. અંતરાત્મદશામાં રહેવા જેવું નથી. તેનો પ્રયાસ હંમેશા પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરવા પ્રત્યે હોય છે. તે પરમાત્માને જ સદા આદરણીય, આરાધવાયોગ્ય, ઉત્પન્ન કરવાયોગ્ય માને છે.

લોકોને અંતરની વાતોની કાંઈ ખબર નથી અને બહારથી માણસનું માપ કાઢે છે. વ્રત-તપાદિ કરતાં હોય કે બોલતાં સારું આવડતું હોય તેને પંડિત માને છે. વિકાર આત્મા ન કરે, નિમિત્તથી થાય એવી સ્થૂલ ભૂલમાં જે પડયા છે-જેનું જાણપણું-ક્ષયોપશમજ્ઞાન એટલું પણ સત્ય પકડી શકતું નથી કે વિકાર પરથી ન થાય, પોતાથી જ થાય, આવા સત્ય જ્ઞાન રહિત જીવોને લોકો મોટા પંડિત માની બેસે છે.

૧૩ મી ગાથામાં બહિરાત્માની વાત કરી, ૧૪ મી ગાથામાં અંતરાત્માની વાત કરી હવે ૧૫ મી ગાથામાં મુનિરાજ પરમાત્માનું સ્વરૂપ કહે છે.

જેણે દૃષ્ટિમાંથી તો બધાં પરદ્રવ્યને છોડી દીધા હતાં પણ હવે જેણે અસ્થિરતાથી સંબંધ હતો તે પણ છોડીને પોતાનું કેવળજ્ઞાનમય સ્વરૂપ પર્યાયમાં પ્રાપ્ત કરી લીધું છે તે પરમાત્મા છે.

આ કોઈ સંપ્રદાયની વાત નથી, વસ્તુસ્થિતિની વાત છે. પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ કરીને, સ્વરૂપમાં સ્થિર થતાં જેની અશુદ્ધિનો સર્વથા નાશ થાય અને નિમિત્તરૂપે રહેલાં જ્ઞાનાવરણ આદિ કર્મોનો નાશ થાય તે પરમાત્મા થાય છે.

અંતરાત્માને શુદ્ધસ્વભાવનો સંબંધ થયો છે પણ પૂર્ણ સંબંધ થયો નથી કેમ કે પર્યાયમાં હજુ શરીર, કર્મ, વિકાર આદિ સાથે સંબંધ છે તે સંબંધ પરમાત્માને સર્વથા છૂટી જાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપ સાથે સંબંધ પૂર્ણ થઈ જાય છે, તેથી પર્યાયમાં પરમાત્મદશા પ્રગટ થઈ જાય છે.

જે વસ્તુનું સ્વરૂપ છે તેમાં તર્ક ન હોઈ શકે. મારે શુદ્ધ થવું છે એવો અંદરથી ભાવ જાગે ત્યાં બધાં પ્રશ્નોનો ઉકેલ આવી જાય છે. શુદ્ધતા કરવી છે તો પર્યાયમાં અશુદ્ધતા છે, તેનું નિમિત્ત છે, પૂર્ણ શુદ્ધ સ્વભાવ હોય તો શુદ્ધતા થઈ શકે આવી દૃષ્ટિ અને જ્ઞાન કર્યા વગર શુદ્ધતાનું સાધન થઈ શકતું નથી.

( -ક્રમશઃ )

[ પ્રવચન નં. ૪૭ ]

# "શરીરનું પણ વિસ્મરણ"

[ તા. ૨૫-૫-૬૬ ]

શ્રી પૂજ્યપાદસ્વામીએ આપેલો આ હિતકારી ઉપદેશ છે.

ધર્માત્માને આત્મામાં જ આનંદ છે એવી શ્રદ્ધા-રુચિ થઈ ગઈ છે તેથી પોતાના આત્મા સિવાય બીજા કોઈ પદાર્થમાં કે વિષયોમાં તેને રુચિ થતી નથી.

પરમાં સુખ નથી અને ધર્મ નથી તેમ પુણ્ય-પાપમાં પણ ધર્મ નથી અને સુખ નથી. એક પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મામાં જ સુખ છે. તેને પર્યાયમાં પ્રગટ કરવું તે ધર્મ છે.

ધર્મીને અંતર આનંદની લગની લાગવાથી કેવો અભેદભાવ હોય છે અને ભેદભાવ કેમ છૂટી જાય છે તે વાત પૂજ્યપાદસ્વામી ૪૨ મી ગાથામાં કહે છે:—

किमिदं कीदृशं कस्य कस्मात्क्वेत्यविशेषयन् ।
स्वदेहमपि नावैति योगी योगपरायणः ॥ ४२ ॥

કોનું, કેવું, ક્યાં, કહીં,—આદિ વિકલ્પ વિહીન,
જાણે નહિ નિજ દેહને, યોગી આતમ-લીન. ૪૨.

અહો! શરીરથી બાળક હો, સ્ત્રી હો, પુરુષ હો કે પશુ હો પણ તેનાથી નિરાળા પોતાના ભગવાન આત્માની જેને લગની લાગી છે તથા શ્રદ્ધા જ્ઞાન અને તેનો અનુભવ કર્યો છે એવા ધ્યાનમાં પરાયણ જ્ઞાનીની આ વાત ચાલે છે.

ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ જેણે એકવાર અનુભવી લીધો છે એવા ધર્મી ફરી આત્મધ્યાનમાં તલ્લીન થાય છે ત્યારે તેને આ શું છે, આત્મા કેવો છે, કોના જેવો છે એવા કોઈ વિકલ્પ ઉઠતા નથી. પરદ્રવ્યસંબંધી કે પુણ્ય-પાપભાવ સંબંધી વિકલ્પ તો નહિ પણ આત્મા સંબંધી પણ વિકલ્પ ઉઠતાં નથી, એ તો સ્વરૂપ સ્થિરતામાં જામી જાય છે.

જેમ કોઈને પકવાન ખાતાં જુએ તો તેને ભાવ પૂછી લે, કેવો લાગે છે, ક્યાંથી મળે તે બધું પૂછીને પોતે પૈસા દઈને પકવાન જોખાવીને ઘરે લઈ આવે પણ પછી પકવાન પોતે ખાતી વખતે તેના ભાવનો કે તોલ આદિનો વિચાર કરતો નથી, સ્વાદનો અનુભવ કરે છે તેમ જિજ્ઞાસુ પહેલાં આત્મા કેવો છે, ક્યાં છે, તેનો સ્વામી કોણ છે,

તેનું સ્વરૂપ શું છે વગેરે બધો નિર્ણય કરી લે છે કે હું આત્મા છું, અનંત ગુણનો પિંડ છું, અનાદિ સત્ છું, હું મારામાં જ છું-એવો નિર્ણય કર્યા પછી જ્યારે આત્માના આનંદનો અનુભવ કરે છે ત્યારે એવા કોઈ વિચાર કરતો નથી, ત્યારે તો આત્માનાં આનંદમા એકદમ લીન થઈ જાય છે.

ઇષ્ટોપદેશ તો કહે છે કે તને તારા આત્માની રુચિ લાગે એ જ પહેલાંમાં પહેલો ધર્મ છે. આવો ધર્મ આઠ વર્ષનું બાળક હો કે સ્ત્રી હો કે દેડકું હો બધાં ધર્મ પ્રગટ કરી શકે છે.

એક માખી જેવું નાનું પ્રાણી કે જેને મન નથી, કાન નથી, છતાં સાકરનાં સ્વાદમાં એવું તલ્લીન થઈ જાય છે કે તેને છોડતું નથી અને ફટકડીનો સ્વાદ લેવા રોકાતી નથી. તેમ ધર્મી પાંચ-ઇન્દ્રિયના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ કે કાનના વિષયોના સ્વાદને ઝેરના સ્વાદ જાણે છે અને પુણ્યભાવને પણ ફટકડી જેવાં તુચ્છ જાણે છે તેથી તેમાં લીન થતાં નથી પણ સાકર જેમ ગળપણનો પિંડ છે તેમ આત્મા આનંદનો પિંડ છે તેનો સ્વાદ લેવામાં ધર્મી એવા લીન થઈ જાય છે કે ત્યારે બીજો કોઈ વિકલ્પ પણ કરતાં નથી.

શ્રોતાઃ—આપ કહો છો પરમાં સુખ નથી પણ ધનમાં સુખ છે એ તો પ્રત્યક્ષ દેખાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ધનમાં કયાં સુખ છે બતાવો? ધન તો જડ ધૂળ છે તેમાં તો સુખ નથી પણ તેના લક્ષે જે વિકલ્પ ઉઠે છે તે પણ આકુળતા છે, દુઃખ છે. છતાં તેમાં મજા માને છે, સુખ માને છે તે મૂઢ છે તેને સાચા સુખની ખબર જ નથી. એટલે અજ્ઞાનથી ધનાદિમાં સુખ માને છે. સમ્યગ્દૃષ્ટિ કોઈ પરપદાર્થમાં સુખ માનતાં નથી. ભરત છ ખંડના ધણી હતાં છતાં 'ભરતજી ઘરમે હી વૈરાગી' હતાં, તેને એ વૈભવમાં કયાંય સુખ ભાસતું ન હતું. છતાં તેના તરફ વિકલ્પ જાય તેને પણ ધર્મી રોગ માને છે, ઉપસર્ગ માને છે, અગ્નિ માને છે.

જેમ જેમ આત્મા પોતાના સ્વરૂપની સંભાળમાં આવતો જાય છે તેમ તેમ તેને અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ થતી જાય છે, તેનું જ નામ નિર્જરા છે. શુદ્ધિ થવી તે સંવર અને શુદ્ધિમાં વૃદ્ધિ થાય તેને નિર્જરા કહેવાય છે.

ગાથા બહુ ઊંચી છે ભાઈ! માખણ છે. કરવા જેવું તો આ જ છે. લાખ ભવ થાય કે અનંત ભવ થાય પણ આ સમજ્યા વિના મુક્તિ નથી. સમજીને, વિચારીને આત્માને ઓળખીને તેમાં લીન થવું તે જ એક કરવા જેવું કાર્ય છે. આવું કાર્ય જેણે કર્યું છે એવા યોગીને આત્મધ્યાનમાં કેવી તત્પરતા હોય તેની અહીં વાત ચાલે છે.

આત્મભાન થયાં પછી જે સ્વરૂપમાં તત્પર થયાં છે એવાં વીર્યવાન યોગીને તે

વખતે શરીરનું પણ લક્ષ રહેતું નથી. જુઓ! ગજકુમાર મુનિને માથે સગડી બળે છે પણ તેનું લક્ષ પણ નથી. નિર્વિકલ્પ અનુભવમાં એટલો પણ વિકલ્પ આવતો નથી કે હું અનુભવ કરનારો અને આ મારી અનુભવની પર્યાય છે. આવો નિર્વિકલ્પ અનુભવ થાય તે યથાર્થ ધર્મ છે.

નિર્વિકલ્પ શુદ્ધ આનંદકંદનો પ્રેમ છોડીને જે શુભરાગમાં પ્રેમ કરે છે તેણે આત્માનું ખૂન કર્યું છે—આત્માની દશા તેમાં હણાય છે. પરને તો કોઈ મારી પણ શકતું નથી, બચાવી શકતું નથી અને દયા પણ કરી શકતું નથી. પોતાના ચૈતન્યપ્રાણને હણતો બચાવીને પોતે સ્વદયા કરી શકે છે. તે જ કરવાનું છે.

પ્રભુ! તારા પૂર્ણાનંદસ્વરૂપનો અનાદર કરીને શુભરાગની ક્રિયામાં ધર્મ માને છો તેમાં તારું મિથ્યાત્વ પુષ્ટ થાય છે. અહીં તો કહે છે શુભજોગમાં ધર્મ તો નથી, સુખ નથી પણ દુઃખ છે, ઝેર છે. શુભજોગથી પણ પાર એવા ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ કરવો તે ધર્મ છે. ચોથા ગુણસ્થાને આવો ધર્મ પ્રગટ થાય છે.

અરે! આ હિત કરવાનો કાળ આવ્યો છે. આ ભવ ભવના અભાવ માટે છે તેને બદલે ભવના ભાવ કરે છે તે પોતાનું મહાન અહિત કરી રહ્યો છે. આ તત્ત્વ તો એવું છે કે તેની ચર્ચા કરીને નિર્ણય કરવાની જરૂર છે. આ તો પરમ સત્ય ઉપદેશ છે ભાઈ! પંચમકાળના મુનિ પંચમકાળના જીવોને આ ઉપદેશ આપી રહ્યાં છે.

અહો! મુનિ કોને કહે? કે જેને પ્રચુર સ્વસંવેદન વર્તી રહ્યું છે. જે છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં ઝૂલી રહ્યાં છે એવા મુનિ આ ઉપદેશ આપે છે.

આત્મામાં કેટલી તાકાત છે! કેવળજ્ઞાનની તાકાતની તો વાત જ શી કરવી પણ મતિજ્ઞાનમાં પણ કેટલી તાકાત છે! જાતિસ્મરણ છે તે મતિજ્ઞાનની ધારણાનો વિષય છે. શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું તો આઠ ભવ પહેલાં પોતે ભગવાન ઋષભદેવના જીવના શ્રીમતી રાણી હતાં તે બધું એવું જ્ઞાનમાં આવ્યું કે તેમાં કોઈ શંકાને સ્થાન નહિ. કેવળજ્ઞાનીનું જ્ઞાન ન ફરે તેમ આ પરોક્ષ એવા મતિજ્ઞાનની ધારણામાંથી આવેલું જાતિ-સ્મરણ ફરતું નથી.

ભગવાનને જોતાં શ્રેયાંસકુમારને એટલો ઉલ્લાસ આવી ગયો કે જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. આઠ ભવ પહેલાંનું તો આ શરીર ન હતું છતાં તેને જોતાં ખ્યાલમાં આવી ગયું કે આ જ જીવ આઠ ભવ પહેલાં મારા પતિ તરીકે હતા. પછી તો આહારદાનની વિધિ પણ ખ્યાલમાં આવી અને વિધિસર ભગવાનને આહારદાન આપ્યું. અહીં તો એ કહેવું છે કે બહારના ભગવાનને જોતાં ભવની જાતિનું જ્ઞાન થઈ ગયું તો આત્મભગવાનને જોતાં આત્મજાતિનો અનુભવ કેમ ન થાય? થાય જ. એ અનુભવમાં શરીરનું પણ લક્ષ છૂટી જાય છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું પલટાઈ જવા છતાં, વર્ષોના વર્ષો વીતી જવા છતાં પરોક્ષ એવા મતિજ્ઞાનનો પણ કેટલો વિકાસ થાય છે કે તે પહેલાંની બધી વાત જાણી લે છે-નિઃશંકપણે જાણી લે છે તો અચિંત્ય એવા કેવળજ્ઞાનની મહિમાનું શું કહેવું? તો એવું કેવળજ્ઞાન જેમાંથી થાય છે એવા આત્માની મહિમા કેટલી? આવા નિજ આત્માને જોવાનું તને મન થતું નથી? ઘરમાં લાખ રૂપિયાના દાગીના લાવ્યાં તેને પણ આખું કુટુંબ અને પાડોશીઓ જોવા આવે છે તો આવા ચૈતન્યનિધાનને જોવાનો તને ઉલ્લાસ કેમ નથી આવતો?

આવા અનંત જ્ઞાનાદિ ગુણસંપન્ન આત્મા કેવો છે? કે સિદ્ધ જેવો છે તેને બીજા કોની ઉપમા લાગુ પડી શકે! તે આત્માનો સ્વામી કોણ છે? કે હું જ છું, મારી સ્વસ્વરૂપ લક્ષ્મીનો સ્વામી હું છું. સ્વસ્વામીસંબંધ મારો મારામાં જ છે. આવો આત્મા કોનાથી થયો? કે અનાદિ સત્તાથી હું છું જ. મારી સત્તાથી હું સદાય બિરાજમાન છું. કોઈ બીજાની સત્તાથી હું થયો નથી. આ આત્મા ક્યાં રહે છે? કે પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે. આવા બધાં પ્રશ્નોનો વિકલ્પાત્મક નિર્ણય પહેલાં જેણે કરી લીધો છે તે પછી એ વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ થાય છે ત્યારે આ કોઈ વિકલ્પ કરતો નથી.

અતીન્દ્રિય જ્ઞાનાનંદસ્વરૂપની જેને રુચિ જામી છે તેને નિર્વિકલ્પ અનુભવમાં વિકલ્પ ઉઠતાં નથી અને જો વિકલ્પ ઉઠે તો એકાગ્રતા થાય નહિ અને એકાગ્રતા ન થાય તો નિર્જરા પણ ન થાય. વિકલ્પનું ઉત્થાન થાય એ તો બંધનું કારણ છે. ભગવાન આત્મા અબંધસ્વભાવી છે. રાગ સંસારનું બીજ છે અને ભગવાન આત્મા મોક્ષનું બીજ છે તેમાં એકાગ્ર થતાં મોક્ષ થાય છે.

અકષાયસ્વરૂપ વીતરાગબિંબ ભગવાન આત્મામાં એકાગ્રતા કરતાં પરમ સમરસીભાવ-વીતરાગીપર્યાય પ્રગટ થાય છે. આવી સમરસી પર્યાયને પ્રાપ્ત એવા યોગી શરીરનું પણ લક્ષ કરતાં નથી, શરીરની ચિંતા કે પરવાહ કરતાં નથી. જો કે પહેલાં પણ સમકિતી શરીરની ચિંતા તો કરતાં નથી પણ કમજોરીવશ શરીરને ઠીક રાખવાનો વિકલ્પો ઉઠતો હતો તે હવે નિર્વિકલ્પ અનુભવમાં વિકલ્પ પણ ઉઠતો નથી.

આનંદના અનુભવમાં એકાગ્ર યોગીને શરીરનો પણ વિકલ્પ ઉઠતો નથી, તો શરીરથી ભિન્ન હિતકારી-અહિતકારી અન્ય વસ્તુનો વિકલ્પ તો ક્યાંથી ઉઠે? શરીરની જ્યાં દરકાર નથી ત્યાં આ અહીં કાંકરી વાગે છે કે પવન નથી આવતો, સિંહ-વાઘની ત્રાડ આવે છે, આ સ્થાન સારું નથી એવાં કોઈ વિકલ્પ યોગીને ઉઠતાં નથી.

આવી જ વાત તત્ત્વાનુશાસનના ૧૭૨માં શ્લોકમાં મુનિરાજ કહે છે કે ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદરૂપ લાડુનો જ્યારે અનુભવ કરે છે ત્યારે આત્મામાં આત્માને જોવાવાળા યોગીને બાહ્ય પદાર્થો હોવા છતાં અંતર એકાગ્રતા એટલી છે કે તે પદાર્થોનો

તેને ખ્યાલ પણ હોતો નથી. જુઓ! બાહ્ય પદાર્થ નથી એમ નથી. બાહ્યપદાર્થ તો છે પણ તે તેની અસ્તિમાં છે, આત્મામાં તેની નાસ્તિ છે,

અન્યમતીમાં કહે છે કે જીવની મુક્તિ થાય એટલે જ્યોતમાં જ્યોત ભળી જાય છે. તો તેમાં તો ખરેખર જીવની મુક્તિ થતી નથી પણ જીવની સત્તાનો જ નાશ થાય છે. એમ કદી ન હોઈ શકે. મોક્ષમાં દરેક સિદ્ધની સત્તા જુદી-જુદી છે. પોતાના સ્વરૂપથી શૂન્યતા કદી કોઈની થતી નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવથી અશૂન્ય છે અને પર-સ્વભાવથી શૂન્ય છે, એ બંને પદાર્થના સ્વભાવ છે.

આનંદનો પિંડ પ્રભુ અસ્તિ છે તેમાં એકાગ્ર થવાથી વિકલ્પની નાસ્તિ થાય છે અને શુદ્ધતા પ્રગટ થાય છે તેનું જ નામ સંવર-નિર્જરા છે.

અહીં તો કહે છે કે બાહ્ય પદાર્થ તો બધાં છે પણ આત્મામાં એકાગ્ર હોવાના કારણે યોગીને તે કોઈ પદાર્થનો ખ્યાલ રહેતો નથી. અહીં અદ્વૈતબ્રહ્મ જેવી વાત નથી કે કોઈ પદાર્થ છે જ નહિ, એક બ્રહ્મ જ છે. જો એમ હોય તો તો આત્માનું પણ અસ્તિત્વ ન રહે.

અહો! આ ધર્મકથા-અમૃતકથા છે.

યોગીઓ પોતાના આત્મામાં વિશ્રામ લઈને સંસારનો થાક ઉતારે છે. આત્મામાં જ ખરેખર અપૂર્વ વિશ્રામ મળે છે માટે આત્મા જ વિશ્રામધામ-મોક્ષધામ છે. યોગી આવા વિશ્રામ ધામમાં એકાગ્ર થાય છે ત્યારે તેને શરીરનું પણ લક્ષ રહેતું નથી તો બીજી કઈ વસ્તુનું લક્ષ રહે? આત્મા કેવો, ક્યાં રહે છે, કોણ છે, એનો નિર્ણય પહેલાં કર્યો છે, પણ તેનો વિકલ્પ એકાગ્રતામાં આવતો નથી.

પૂજ્યપાદસ્વામીની આ વાત સાંભળીને શિષ્યને આશ્ચર્ય થાય છે કે અહો! યોગીની આવી દશા કેવી રીતે થઈ જાય છે? આવી દશા થવી કેમ સંભવે? આ પ્રશ્નનો ઉત્તર આગળની ગાથામાં કહેવાશે.

[ ક્રમશઃ ]

# ❋ વૈરાગ્યજનની : બાર ભાવના ❋

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

લોક ભાવનાનો આ અધિકાર છે. સમ્યગ્દૃષ્ટિને આ બાર ભાવના હોય છે. તે ભાવના ભવ્યજન–આનંદજનની છે. સ્વભાવ–ધ્રુવ નિત્યાનંદ છે તેની સન્મુખ દૃષ્ટિ કરતાં શુદ્ધિ પ્રગટે છે. તેવા જીવને નિમિત્તબુદ્ધિ હઠી ગઈ છે, વર્તમાન પુણ્ય–પાપ ઉપરથી બુદ્ધિ છૂટી ગઈ છે. પર્યાયના આશ્રયથી ધર્મ માનવાની બુદ્ધિ પણ છૂટી ગઈ છે. પણ ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મા શુદ્ધ કારણ જીવ જે એકરૂપ નિત્યાનંદ સ્વરૂપ છે તેનું આલંબન વર્તે છે. સમ્યગ્દર્શન પછી નબળાઈથી રાગ થાય પણ જ્ઞાનીને તેની રુચિ નથી. તે પરની અવસ્થા પોતાને આધીન માનતો નથી. ક્રમબદ્ધ જે પર્યાય થવાયોગ્ય છે તે જ થાય છે એમ તે માને છે. રાગને ટાળું એમ પણ રુચિ નથી કેમ કે રાગ તો એક સમયમાત્રનો છે. તેને ટાળું એવી ઇચ્છા થાય છે ને તેનાથી લાભ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

ઇચ્છાથી હાથ ચલાવી શકું છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે ઇચ્છા છે તે ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. તેનું કાર્યક્ષેત્ર જીવતત્ત્વમાં છે. પુદ્ગલની પર્યાયનો સ્વામી જીવ નથી. સમ્યગ્દૃષ્ટિની ભાવના જ્ઞાયકસ્વભાવ તરફ જામી ગયેલ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનની પર્યાય ખીલી છે, તે સ્વપરને સ્વતંત્ર જાણે છે, એવા જ્ઞાનીને બાર ભાવના હોય છે. વચ્ચે રાગ આવે છે તે ભાવના નથી કેમ કે ભાવના તો સંવરનો ભેદ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે તેની જેને દૃષ્ટિ થઈ હોય એવા સમ્યગ્દૃષ્ટિને જ આ ભાવનાઓ હોય છે.

નિમિત્તની દૃષ્ટિ છૂટી ગઈ છે, શુભરાગરૂપ જે વ્યવહાર તેની પણ દૃષ્ટિ છૂટી ગઈ છે, ને પર્યાયની પણ દૃષ્ટિ છૂટી ગઈ છે, ને ત્રિકાળ ચિદાનંદ સ્વભાવની સન્મુખ જેની દૃષ્ટિ થઈ છે–એવા ધર્મીને સ્વભાવની એકાગ્રતા તરફ જ્ઞાન લંબાય છે તેનું નામ ભાવના છે, ને તે ભાવના ભવ્ય જીવોને આનંદની જનની છે.

નિમિત્તમાંથી ધર્મ આવતો નથી,
રાગમાંથી ધર્મ આવતો નથી,
પર્યાયમાંથી બીજી પર્યાય થતી નથી.

માટે એ ત્રણેની દૃષ્ટિ છૂટીને જેને ધ્રુવસ્વભાવની દૃષ્ટિ થઈ છે, તેને તે સ્વભાવની સન્મુખતાથી બાર વૈરાગ્ય ભાવનાઓ યથાર્થ હોય છે, ને તેને ક્ષણે ક્ષણે શુદ્ધતા તથા આનંદની વૃદ્ધિ થતી જાય છે. એ રીતે આ ભાવનાઓ ભવ્યજીવોને આનંદની જનની છે.

આ લોક-ભાવના ચાલે છે; લોકમાં રહેલાં અનંતા પદાર્થો સ્વતંત્ર છે ને તેમાં ક્ષણે ક્ષણે પર્યાય થાય છે તે પણ પરથી નિરપેક્ષ છે. સમય સમયની પર્યાય પણ અહેતુક સત્ છે; દરેક પદાર્થ એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે. જીવાદિ વસ્તુઓ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એવા ત્રણે ભાવમય છે, ગુણ–પર્યાય સ્વરૂપ વસ્તુ સત્ છે. તેમાં સમયે સમયે ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે ભાવો છે. વ્યય પણ સર્વથા અભાવરૂપ નથી, વ્યય પણ 'સત્' છે. જીવનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ જીવમાં ને શરીરનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ શરીરમાં, આહારના રજકણના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આહારમાં,—તો પછી આહારને કારણે જીવના પરિણામ સુધરે કે બગડે–એ વાત ક્યાં રહી? શું આહારના કારણે જીવના ઉત્પાદ–વ્યય થાય છે? સહજ સ્વભાવનું ભાન કરીને જેટલો રાગ તૂટ્યો ત્યાં બહારમાં પણ સદોષ આહાર વગેરે હોય નહિ, પણ આત્મા તેનો કર્તા કે છોડનાર નથી. અજ્ઞાની તો આહારાદિની કર્તાબુદ્ધિમાં અટકી જાય છે. મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવભાવમાં હું વર્તું છું ને પરનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પર વર્તે છે. મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પર વર્તતા નથી ને પરનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં હું વર્તતો નથી. આમ ભિન્ન ભિન્ન વસ્તુઓ, તેમાં કોઈના કારણે કોઈનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નથી, આવા ભાનપૂર્વક સ્વભાવના અવલંબને ધર્મીને રાગ ઘટી જાય છે. તેનું નામ ભાવના અને સંવર છે.

આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં કર્મ છે જ નહિ. તો કર્મ આત્માને શું કરે? આત્માના વિકારમાં કર્મ નિમિત્ત છે, પણ કર્મ કાંઈ આત્મામાં ઘૂસી જઈને તેને વિકારપણે પરિણમાવતું નથી. કર્મે વિકાર કરાવ્યો એ તો ફક્ત નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથનની શૈલી છે. પર નિમિત્તનો આત્મામાં અત્યંત અભાવ છે ને ક્ષણિક વિકારનો પણ શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. આવા સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

જીવદ્રવ્યનો ચેતનાગુણ છે ને તેનું સ્વભાવ તથા વિભાવરૂપ પરિણમન છે તે પર્યાય છે. તે સ્વભાવ કે વિભાવ પરિણામ કોઈ નિમિત્તના કારણે થતાં નથી. કર્મના ઉદય ઉપશમ વગેરેને કારણે જીવના પરિણામ થયા એમ નથી. જીવના પરિણામ જીવના કારણે જ થાય છે. આવા ભાનમાં ધર્મીને શુભ–અશુભ પરિણામ વખતે પણ સ્વભાવની દૃષ્ટિ કદી ખસતી નથી ને રાગની–વ્યવહારની કદી મુખ્યતા થતી નથી.

જીવનો ચેતનાગુણ છે તે ચેતનાગુણમાં ખરેખર વિભાવ થતો નથી. તેમાં હીનતા–અધિકતા થાય છે પણ વિભાવ થતો નથી; પણ ચેતના સાથે બીજા આનંદ, શ્રદ્ધા વગેરે અનંત ગુણો છે તેમાં વિભાવરૂપ પરિણમન થાય છે. તે અપેક્ષાએ અહીં ચેતનામાં સ્વભાવરૂપ ને વિભાવરૂપ પરિણમન કહ્યું છે. ચેતના તો ઉપયોગરૂપ છે પણ તેની સાથે જે શ્રદ્ધા આનંદ વગેરે ગુણો છે તે ગુણોમાં સ્વભાવ ને વિભાવરૂપ પરિણમન થાય છે તે પોતાના જ કારણે થાય છે. આત્મામાં પોતાના કર્તા–કર્મ–કરણ–સંપ્રદાન–અપાદા–અધિકરણ

એવા છ કારકરૂપ થઈને પરિણમવાનો સ્વભાવ છે. પરને કારણે જીવમાં કાંઈ થાય એમ નથી. અજ્ઞાની રાડ પાડે છે કે નિદ્ધત અને નિકાચિત કર્મ બંધાયા હોય તો શું થાય! પણ અરે ભાઈ! તારા સ્વભાવની સન્મુખ થઈને પુરુષાર્થ કરતાં કર્મ કાંઈ તને રોકતું નથી. તું સ્વભાવનો પુરુષાર્થ કરે તો કર્મ તેના કારણે નાશ થઈ જાય છે.

ધવલમાં કહે છે કે :—

दर्शनेन जिनेन्द्राणां पापसंघातकुंजरम् ।
शतधा भेदमायाति गिरिर्वज्रहतो यथा ॥

નિશ્ચયથી પોતાનો સ્વભાવ ચૈતન્યબિંબ છે તેના ભાનપૂર્વક વીતરાગી જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના સો ટુકડા થઈ જાય છે.

એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કદી સ્પર્શતી નથી, કર્મનો ઉદય આત્માને સ્પર્શતો જ નથી, તો કર્મ આત્માને શું કરે? દરેક પદાર્થના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતપોતાના કારણે જ થાય છે. સમકિતીને રાગ થાય છે તે કાંઈ ચારિત્રમોહકર્મના ઉદયને લીધે નથી. પણ પોતાની જ પર્યાયના કારણે છે, ચારિત્રમોહનો ઉદય તો નિમિત્ત છે, તેનો આત્મામાં અભાવ છે.

ઉપાદાનનું કથન એક જ પ્રકારે છે કે જેવી યોગ્યતા હોય તે પ્રમાણે કાર્ય થાય છે. નિમિત્તના કથનમાં અનેક પ્રકાર છે તેથી કહ્યું છે કે :—

" ઉપાદાન વિધિ નિર્વચન હૈ નિમિત્ત ઉપદેશ "

નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ. સ્વપરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ; નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે. તો કોણ કોને સમજાવે? ને કોણ કોને રોકે? ભાષા પણ ભાષાના કારણે પરિણમે છે, સામો જીવ તેની યોગ્યતાના કારણે સમજે છે, જેને પોતાનું કલ્યાણ કરવું હોય તે જીવ સ્વભાવની આવી ભાવના કરે છે. અરે જીવ! જૈનદર્શનમાં તારે આત્માનું કલ્યાણ કરવું છે કે વાડો બાંધવો છે? શાસ્ત્રની પંડિતાઈથી કે વાડાબંધીથી કલ્યાણ થવાનું નથી. આ તો વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુસ્વભાવ સમજ્યા વગર અજ્ઞાની લોકો બહારથી ધર્મ માને છે. અહીં તો કહે છે કે વસ્તુમાં સ્વભાવરૂપ કે વિભાવરૂપ પરિણમન પોતપોતાના કારણે જ થાય છે.

એવી જ રીતે પુદ્ગલ પણ પોતાના સ્વભાવ-વિભાવ પરિણામરૂપે પરિણમે છે.

આંગળીનું હાલવું-ચાલવું તે પુદ્દગલના કારણે છે, જીવના કારણે નહિ. પ્રત્યેક પરમાણુ સ્વતંત્ર પોતાથી જ પરિણમે છે. મોટરનું ચાલવું સ્થિર થવું તે મોટરના કારણે થાય છે, પેટ્રોલનું હોવું કે ન હોવું તેને આધીન મોટરનું ગમન કે સ્થિતિ નથી. પ્રત્યેક પુદ્દગલ પોતાના વર્તમાનથી વર્તે છે.

કુંદકુંદાચાર્ય કે પૂજ્યપાદસ્વામી વગેરે બધા આચાર્યોનો એક જ અભિપ્રાય છે, પણ લોકોને મેળવણી કરતાં આવડતી નથી; તેથી વિરોધ ભાસે છે. તે અપેક્ષા જ્ઞાનનો અભાવ બતાવે છે.

બધી વસ્તુ ગુણ-પર્યાયસ્વરૂપ છે તે પોતાના સ્વભાવથી જ સમયે સમયે પર્યાયરૂપે પરિણમે છે.

[ ક્રમશઃ ]

—*—

* ગુરુદેવે કહ્યું છે : 'કરવાનું તો પોતાને જ છે.' સાકરનો સ્વભાવ જુદો છે ને કાળીજીરીનો સ્વભાવ જુદો છે, તેમ જ્ઞાન જ્ઞાનસ્વભાવે ને જડ જડસ્વભાવે હોય છે—બંને જુદેજુદાં છે. વિભાવપર્યાય પણ આકુળતારૂપ છે, આત્માનો સ્વભાવ નથી. આત્મા નિરાકુળ છે, તેનું સ્વરૂપ વિભાવથી જુદું જ્ઞાનમય છે. શાસ્ત્રમાં આવે છે ને કે—સુવર્ણમાંથી સુવર્ણની પર્યાય થાય છે; તેમ જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય થાય છે. શુદ્ધાત્માને સમજવાનો મંત્ર મળ્યો છે તે પૂજ્ય ગુરુદેવ પાસેથી મળ્યો છે. કરવાનું તો પોતાને જ છે, બીજો કોઈ કરી દેતો નથી. ગુરુદેવે જે બતાવ્યું છે તે રૂપે પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર—ઉપરથી થતું નથી, પણ અંતરના ઊંડાણમાં જઈને પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય. જ્યાં તત્ત્વ છે ત્યાં જ દૃષ્ટિ દે, ત્યાં જ પરિણતિને દોડાવે, ત્યાં જ થંભે, ત્યાં જ લીન થાય, એનું જ જ્ઞાન કરે, એનું જ ધ્યાન કરે, તો પ્રગટ થાય. જેને બહારનો રસ લાગ્યો હોય તે તેનું-બહારનું—કેટલું મંથન કરે?—તેમ અંતરમાં જઈને પ્રયત્ન કરે તો પ્રગટ થાય.

—પૂજ્ય બહેનશ્રી : દૃષ્ટિનાં નિધાન

## 卐 કસોટી 卐

### દિગમ્બર જૈનધર્મની દૃઢ શ્રદ્ધાવંત શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીની વિધર્મી રાજા પ્રત્યેની અત્યંત વિરક્તિ

આ ભરતક્ષેત્રમાં માલવ દેશમાં અમરાવતી સમાન સુંદર ઉજ્જૈન નગરના રાજા વિશ્વંધરને ગુણપાલ નામનો એક રાજશ્રેષ્ઠી હતો. જેને ઇન્દ્રાણી સમાન સુંદર ધનશ્રી નામની સ્ત્રી હતી. તે બન્નેને લક્ષ્મી અને સરસ્વતી સમાન ગુણશાળી બંધુશ્રી નામની પુત્રી હતી.

વિશ્વંધરરાજા એક દિવસ વનક્રીડા માટે જઈ રહ્યો હતો, માર્ગમાં તેણે સખીઓની સાથે ક્રીડા કરતી શ્રેષ્ઠીકન્યા બંધુશ્રીને દેખી. આ અનિંદ્ય સુંદરીને દેખતાં જ રાજા કામ પીડિત થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે આ દેવાંગના સમાન સુંદરીના અભાવમાં મારે જીવિત રહેવું નિરર્થક છે.–એમ વિચારી એક દાસીને બોલાવીને કહ્યું કે તું ગુણપાલ શેઠનાં ઘેર જા અને કહે કે રાજા તમારી પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઇચ્છે છે, તેથી શીઘ્ર શુભ મુહુર્તમાં લગ્નની તૈયારી કરવા ફરમાવે છે.

દાસી ગુણપાલ શેઠના ઘેર આવીને શેઠને કહે છે કે આપને હું ખુશાલીના સમાચાર આપવા આવી છું. મહારાજા વિશ્વંધર આપની પુત્રી બંધુશ્રી સાથે લગ્ન કરવા ઇચ્છે છે. આપનું ભાગ્ય જાગ્યું છે, મહારાજા જેવા જમાઈ મળવા એ ઓછી ગૌરવની વાત નથી! આપ મહા ભાગ્યશાળી છો, આપની કન્યાના સૌભાગ્યની શું પ્રસંશા કરવી? બંધુશ્રી તો હવે મહારાજાની પટરાણી બનશે.

ગુણપાલ શેઠ દાસીના વચનો સાંભળી વિચારવાં લાગ્યા કે કન્યા સદા દિગમ્બર જૈન ધર્મીને જ દેવી જોઈએ, વિધર્મીને કન્યા આપવી તે મહાપાપ છે. રાજા દિગમ્બર જૈન ધર્મી નથી, વિધર્મી છે, તેથી ગમે તેમ થાવ પણ હું વિધર્મીરાજાને મારી કન્યા નહિ આપું. સંસારીક સુખ માટે ધર્મ વેચી ન શકાય. ધર્મ જ સંસારથી ઉદ્ધાર કરનારો છે, ધર્મ જ જીવનનો સાથી છે, એના વિના જીવવું નિરર્થક છે. જે વ્યક્તિ સાંસારીક પ્રલોભનમાં આવીને પોતાની કન્યા વિધર્મીને આપે છે તે નિંદનીય છે. અત્યાર સુધી બંધુશ્રીએ વીતરાગી પ્રભુની સેવા-પૂજા ઉપાસના-ભક્તિ આદિ કર્યું છે, હવે તે વિધર્મીને ત્યાં જવાથી કેવી રીતે પોતાના ધર્મની રક્ષા કરી શકશે? શું વાસના માટે

ધર્મને વેચી શકાશે? નહિ, નહિ, કદાપિ ધર્મ વેચી ન શકાય. હું મારી કન્યાના જૈન ધર્માનુયાયીની સાથે જ લગ્ન કરીશ, ભલે તે ગરીબ કેમ ન હોય! ધન તો સાંસારીક વસ્તુ છે. આજે છે ને કાલ નહિ હોય, એનો શું ભરોંસો? પરંતુ દિગમ્બર જૈનધર્મ શાશ્વત વસ્તુ છે, એ જ આત્માનો સાથી છે, એને છોડીને કોઈ પણ પદાર્થ પોતાનો નથી. એમ વિચારસાગરમાં મગ્ન થઈ ગુણમાલ શેઠ વ્યથિત થઈ ગયા. તેમણે રાજાની દાસીને મીઠા વચનોથી સમજાવીને વિદાય કરી.

પછી શેઠે પોતાની પત્નીને બોલાવીને તેનો અભિપ્રાય જાણવા કહેવા લાગ્યા કે મહાપ્રતાપી વિશ્વંધર મહારાજા બંધુશ્રી સાથે વિવાહ કરવા માગે છે તે આપણે માટે કેટલી ગૌરવની વાત છે! બંધુશ્રી પટરાણી બનશે, રાજદરબારમાં અમારું માન રહેશે, તેથી જલ્દીથી બંધુશ્રીના લગ્નની તૈયારી કરવી જોઈએ.

ત્યારે ધનશ્રી કહે છે કે સ્વામીન, આજ આપને આ શું થઈ ગયું? આપે નશો તો નથી કર્યો ને? આપ આપના મુખેથી કેવી વિચિત્ર વાત કરી રહ્યા છો? રાજા વિશ્વંધર વિધર્મી છે, મિથ્યાદૃષ્ટિ છે. તેની સાથે મારી પુત્રીના લગ્ન કદાપિ નહિ જ થઈ શકે. વીતરાગી પ્રભુની સેવા વિના રૂપ લાવણ્ય, વિદ્યા, ધન, વૈભવ, આદિ બધું વ્યર્થ છે. મદોન્મત્ત હાથીના પગ નીચે દબાઈને મરવું સારું પણ વિધર્મીની સાથે દીકરીના લગ્ન કરવા તે સારું નહિ. જે વ્યક્તિ ધર્મની અપેક્ષાએ રાજ્ય અને વૈભવને મહત્ત્વ આપે છે તે હલકી કોટીનો છે, કેમ કે દિ. જૈનધર્મની પાસે રાજ્ય વૈભવ તુચ્છ વસ્તુ છે, એ ક્ષણિક વૈભવની તુલના દિ. જૈનધર્મની સાથે થઈ શકે નહિ.

આશ્ચર્ય થાય છે કે સ્વામી! આપ દિ. જૈનધર્મના મર્મજ્ઞ હોવા છતાં બાહ્ય ઐશ્વર્યને મહત્તા આપી રહ્યા છો! અનિત્ય સુખને આપે હિતકર માની લીધા! શું આપ બંધુશ્રીને નરકમાં નાંખવા ઇચ્છો છો? આપણી પુત્રી બહુ જ ધર્માનુરાગી છે. જો તેના વિવાહ વિધર્મીની સાથે થશે તો તેનો ઉદ્ધાર થવો અસંભવ છે. સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં મહાન કઠિનતાથી દિ. જૈનધર્મની પ્રાપ્તિ થાય છે, જે વ્યક્તિ દિ. જૈનધર્મ પામીને પોતાનું કલ્યાણ કરતો નથી તેના સમાન મૂર્ખ બીજો કોણ હોઈ શકે? વિધર્મી રાજાની સાથે આપણી કન્યાના લગ્ન કરવા એટલે કન્યા સિંહને સમર્પણ કરવા સમાન છે. સમજાતું નથી કે આપ સંપત્તિમાં કેમ મુગ્ધ થઈ ગયા છો? ધન-વૈભવ પ્રાપ્ત કરવામાં કાંઈ મહેનત પડતી નથી પરંતુ ધર્મ પ્રાપ્ત કરવામાં તો ઘણી મહેનત કરવી પડે છે. મને દૃઢ વિશ્વાસ છે કે દિ. જૈનધર્મીને સારા વૈભવ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે. વિભૂતિઓ તેના ચરણની દાસી બની જાય છે. ક્ષણિક ઐશ્વર્યને દેખીને દિ. જૈનધર્મને છોડી દે છે તે, કાચનું સૌંદર્ય દેખીને માણેકને છોડી દેનારા જેવો છે.

મિથ્યાદૃષ્ટિનો વૈભવ સ્થિર નથી રહેતો, થોડા જ દિવસમાં તેની સંપત્તિ નાશ થઈ જાય છે ને ઘરઘરનો ભીખારી થઈ ભટકે છે, ઐશ્વર્ય હોવું તે કાંઈ મોટાઈ નથી પણ સાચા દિગમ્બર જૈન ધર્મને ધારણ કરવાથી જ મનુષ્ય મોટો-મહાન ગણાય છે.

આપ બુદ્ધિમાન છો, ધર્માત્મા છો, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા છો, તોપણ આપને આવો ભ્રમ કેમ થયો? આપ સ્વયં વિચાર કરો, મારી વાત કેમ લાગે છે? હું આપને શું ઉપદેશ આપી શકું? આપ વિશેષજ્ઞ છો, શાસ્ત્રની મર્યાદાના જાણનારા છો એથી આપની આજ્ઞા જ મારે શીરોધાર્ય છે, મેં તો ફક્ત મારા વિચારો આપની સમક્ષ રજુ કર્યા છે.

એ સાંભળીને ગુણપાલ શેઠ પોતાની પત્નીને કહે છે કે તમારી બુદ્ધિ અને ઉચ્ચ વિચારો જાણી મારા હૃદયમાં અત્યંત પ્રસન્નતા થાય છે. મેં તો ફક્ત તમારી પરીક્ષા લીધી હતી. વિધર્મીને કન્યા દેવાના પક્ષમાં હું બીલકુલ નથી, મારો વિચાર સાધર્મીની સાથે જ કન્યાના વિવાહ કરવાનો છે. હવે બંધુશ્રીને બોલાવીને તેના વિચારો પણ જાણી લેવા જોઈએ કેમ કે વિવાહમાં કન્યાની સલાહ લેવી પણ જરૂરી છે.

ગુણપાલશેઠે બંધુશ્રીને બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું, બેટી! તારી સમાન કોણ પુણ્યવાન હશે? માલવનરેશે જ સ્વયં તારી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂકયો છે અને વિવાહ થયા બાદ તુરત જ તને પટરાણીનું પદ અર્પણ કરશે, સમસ્ત રાજ્યસુખને તું ભોગવીશ, અમારું પણ ભાગ્ય જાગશે ને સમસ્ત દેશ અમારું સન્માન કરશે. રાજા પણ મને ઉચ્ચ આસન આપશે અને જયારે તારા પુત્રને રાજ્ય-શાસન મળશે ત્યારે તો અમારી પ્રતિષ્ઠા ઘણી જ વધી જશે. બેટી! અમે ધન્ય છીએ કે તારા જેવી કન્યા અમને પ્રાપ્ત થઈ છે. આજ અમારી જેવું સૌભાગ્યશાળી કોણ હશે? પુણ્યાત્માને જ આવો સુઅવસર પ્રાપ્ત થાય છે.

પિતાશ્રીના આવા ઊલટા શબ્દો સાંભળીને બંધુશ્રી ખેદથી કહે છે કે પિતાશ્રી! ક્ષમા કરજો, આજે આપને આ શું થઈ ગયું છે? આપ મને સંસારીક વૈભવમાં લોભાવા માગો છો? આપ વિધર્મીની સાથે મારા લગ્ન કરીને મારા ધર્મને નષ્ટ કરવા ઇચ્છો છો? હું વાસનાલોલુપી નથી, ધર્મને કોડીના મોલથી વેચવો એ બુદ્ધિમાનીનું કામ નથી. શું આપ નથી જાણતા કે આ દિગમ્બર જૈનધર્મ જ દરેક પ્રાણીઓનું હિત કરવાવાળો છે! આ ધર્મ જ ત્રિભુવનમાં ઉત્તમ, પૂજ્ય અને વંદનીય છે, સમસ્ત સુખને દેવાવાળો આ દિગમ્બર જૈનધર્મ જ છે. આ ઉત્તમ ધર્મને ધારણ કરવાથી જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે. આવો જૈનધર્મ મહાન પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય છે.

પિતાજી! ધ્યાનથી સાંભળજો. હું આપને દિગમ્બર જૈન ધર્મની દૃઢતાનો એક

પ્રસંગ સંભળાવું છે. આવા તો અનેક પ્રસંગો પૂર્વે બની ગયા છે.

મહારાણી ચેલના રાજગૃહીમાં આવીને મહારાજ શ્રેણીક સાથે લગ્નથી જોડાય છે ને અચાનક તેનું ધ્યાન જાય છે કે મહારાજ શ્રેણીકનું ઘર પરમ પવિત્ર જૈન ધર્મથી રહિત છે. હાય! પુત્ર અભયકુમારે મહાન બુરું કર્યું, મારા નગરમાં છળથી જૈન ધર્મનો વૈભવ બતાવી મને ભોલીભાલીને છેતરી લીધી. અહા! જે ઘરમાં પવિત્ર જિનધર્મની પ્રવૃત્તિ છે તે જ ઘર ખરેખર ઉત્તમ છે, પરંતુ જ્યાં પવિત્ર જૈનધર્મની પ્રવૃત્તિ નથી તે ઘર રાજમહેલ હોય તોપણ કદી ઉત્તમ કહી શકાતું નથી પરંતુ પક્ષીઓના માળા સમાન છે. સંસારમાં ધર્મ હોય અને ધન ન હોય તો ધર્મની પાસે ધન ન હોવું તો સારું છે પરંતુ ધર્મ વિના અતિશય મનોહર સંસારીક સુખનું કેન્દ્ર ચક્રવર્તીપણું પણ સારું નથી. ભયંકર વનમાં નિવાસ કરવો ઉત્તમ છે, અગ્નિમાં બળવાથી કે વિષથી મૃત્યુ થાય તે સારું છે તથા અજગરના મુખમાં પ્રવેશથી કે પર્વત ઉપરથી પડવાથી મૃત્યુ થાય તે સારું છે તેમ જ સમુદ્રમાં ડૂબવાથી મરણ થાય તે સારું છે પરંતુ જૈન ધર્મરહિત જીવન જીવવું સારું નથી. પતિ ભલે કદાચ ઘણા ગુણોનો ભંડાર હો તોપણ તે જિનધર્મી ન હોય તો શું કામનો? કેમ કે કુમાર્ગગામી પતિના સહવાસથી આ ભવમાં પર ભવમાં અનેક પ્રકારના દુઃખ જ ભોગવવા પડે છે. હાય! પૂર્વ ભવમાં મેં એવા કયા ઘોર પાપો કર્યા હતા કે જેથી આ ભવમાં મારે જૈનધર્મથી વિમુખ થવું પડયું! આ રીતે જિનધર્મી ચેલના પવિત્ર જૈનધર્મ રહિત ઘર અને પતિ મળતા મહા વિલાપ કરે છે.

મને મહાન આશ્ચર્ય થઈ રહ્યું છે કે મિથ્યાદ્રષ્ટિની સાથે આપ મારા વિવાહ કરવા કેવી રીતે તૈયાર થઈ ગયા? શું તમે મારું હિત નથી ઇચ્છતા? હિતૈષી થઈને પણ વિધર્મીની સાથે મારો વિવાહ કરવા તૈયાર થયા છો? મારે માટે ધર્મની પાસે રાજ્યવૈભવ રાખ સમાન છે. આજે તમને તમારા સન્માનનો ખ્યાલ આવે છે, પણ વિધર્મીની સાથે મારા વિવાહ કરવા કરતાં આપ મારી હત્યા કરી દો એ વધુ શ્રેષ્ઠ છે, હું દિગમ્બર જૈનધર્મનું પાલન કરતાં કરતાં મારો પ્રાણ દેવો પણ ઉચિત સમજું છું. અરેરે! આપ પિતા થઈને પણ મારું અનિષ્ટ કરવા તૈયાર થઈ ગયા છો! શું આ સમયે મારી રક્ષા કોઈ નહીં કરે? એમ કહીને બંધુશ્રી રુદન કરવા લાગી.

બંધુશ્રીની ધર્મશ્રદ્ધા દેખીને ગુણપાલ શેઠ પુત્રીને કહે છે કે ધન્ય છે પુત્રી તને! આજ મારું જીવન સફળ થયું. તારી જેવી પુત્રીને પામી હું ઘણો જ ગૌરવ અનુભવું છું. બેટી! આ તો માત્ર તારી પરીક્ષા જ હતી તેમાં તું પૂરેપૂરી સફળ થઈ છો. બેટી! હું જીવતો છું ત્યાં સુધી તારા વિવાહ વિધર્મીની સાથે કદાપિ થવા દઈશ નહિ.

ગુણપાલ શેઠ વિચારવા લાગ્યા કે અહીં રહેવાથી રાજા બળપૂર્વક મારી કન્યા સાથે વિવાહ કરી લેશે અને રાજાજ્ઞા ઉલંઘનથી દંડ પણ ભોગવવો પડશે. તેથી આ ગામ છોડીને ચાલ્યા જવાથી પુત્રીની રક્ષા થઈ શકશે. આ પ્રકારે વિચાર કરી ગુણપાલ શેઠ પોતાની એક અબજ ને આઠ કરોડની સંપત્તિ છોડીને પુત્રીને લઈને રાતોરાત પોતાનું ગામ છોડીને ચાલી નીકળ્યા !

જ્યારે રાજાને ખબર પડે છે કે ગુણપાલ શેઠ પોતાની સર્વ સંપત્તિને જેમની તેમ છોડી પોતાની પુત્રીને લઈ ચાલ્યા ગયા છે ત્યારે રાજા વિચારે છે કે એ ધર્માત્મા મને પાપી કુધર્મીને કન્યા દેવાનું ઉચિત સમજ્યા નહિ તેથી અહીંથી ચુપચાપ રાતોરાત ચાલ્યા ગયા, અહો ! વાસ્તવમાં દિગમ્બર જૈનધર્મ જ જીવોનું કલ્યાણ કરવાવાળો છે. મેં કુધર્મનું સેવન કરી મારું જીવન બરબાદ કર્યું. એ પ્રકારે વિચારતાં રાજાની બુદ્ધિ-રુચિ કુધર્મથી છૂટી ગઈ અને જિનધર્માનુયાયી શેઠ ગુણપાલને શોધવા માટે ચારે બાજુ માણસોને મોકલી દીધા. (શ્રી નયસેનાચાર્ય રચિત ધર્મામૃતના આધારે)

પૂજ્ય ગુરુદેવશ્રી પણ પ્રસંગોપાત વાત નીકળતાં કહે છે કે દિગમ્બર જૈનધર્મ છે તે જ સત્ય સનાતન ધર્મ છે, એ વિનાના બીજા બધા સંપ્રદાયો છે તે વિધર્મી છે અન્ય ધર્મી છે. એથી જેને દિગમ્બર જૈનધર્મમાં જ પ્રેમ લાગ્યો છે,–તે જ સત્ય ધર્મ લાગ્યો છે, તે પોતાની દીકરીને અન્યધર્મમાં આપે જ નહિ અને જે પોતાની દીકરીને અન્ય ધર્મમાં આપે છે તેણે દિગમ્બર ધર્મ જ એક સત્ય છે એમ વ્યવહારે પણ માન્યું નથી. એના વ્યવહારમાં પણ ખોટું છે.

અરે ! દીકરીઓએ ૧૮-૨૦-૨૨ વર્ષ સુધી જિનેન્દ્રદેવનું શરણ લઈને સેવા-પૂજા-ભક્તિ-ઉપાસના કરી હોય ને તે દીકરીને અન્ય ધર્મમાં આપતા કુદેવને માથું ધરવું પડશે ! શાસ્ત્રોમાં તો કુધર્મમાં દીકરી ન દેવા માટેનું તથા સાધર્મીને પોતાની દીકરી આપીને પણ સહાય કરવાનું ઘણું ઘણું લખાણ આવે છે.

કેટલાક ધન-વૈભવ-માન-મોટાઈ આદિના મોહથી પોતાની દીકરીને અન્યધર્મમાં આપે છે ને પછી સમાધાન લ્યે છે કે દીકરીના સાસરીયામાં ધર્મનો આગ્રહ નથી, જમાઈ ધર્મમાં વિઘ્ન કરે તેવો નથી—એવા એવા સમાધાન લ્યે છે ને કાળક્રમે દીકરીને કુધર્મના સમાગમના સંસ્કાર પડી જાય છે ને સત્ય ધર્મના સંસ્કાર ભૂંસાઈ જાય છે. અરેરે ! અણમૂલો દિગંબર જૈનધર્મ પામવા છતાં જૈનધર્મથી વિમુખ થઈને પોતાનો અતિ અતિ દુર્લભ એવો માનવભવ નિરર્થક જાય છે ને ચાર ગતિમાં રખડે છે.

—✻—

[ નિજ શુદ્ધ અસ્તિત્વને ખ્યાલમાં લે...પાનું ૨ થી ચાલુ ]

શાન્તિનું ધ્રુવ તળ—ખ્યાલમાં આવે; અને તે ધ્રુવ નક્કર ભૂમિને—નિજ શુદ્ધ અસ્તિત્વને—બરાબર ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા યથાર્થ ઓળખાય—તેની સાનુભવ પ્રાપ્તિ થાય. દેવ-ગુરુનું કહેવું એ છે કે—બહારની બીજી લાખ વાત છોડીને અંદર ધ્રુવ નક્કર ચૈતન્ય ભગવાનને—નિજ જ્ઞાયકદેવને—જો, તે તરફ જા. છ ઢાળામાં કહ્યું છે ને—

> લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
> તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.

'ધ્યાઓ' તે પર્યાય છે. કોને ધ્યાવું? જેનું ત્રિકાળશુદ્ધ અસ્તિત્વ—સત્તા મહાન છે એવા નિજ જ્ઞાયક મહાપ્રભુને, દેવ-ગુરુની વાણીથી—તેના પ્રત્યક્ષ શ્રવણથી—ખ્યાલમાં લઈને નિજ સ્વરૂપમાં લીનતા કરવામાં આવે તો આત્મા ઓળખાય, પ્રથમ ખ્યાલમાં લે તો લીનતા થઈ શકે ને? ત્રિકાળ ધ્રુવ ઝળહળતી ચૈતન્યજ્યોતિને ખ્યાલમાં લે તો તેમાં લીનતા કરે. આવે છે ને!—'અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.' આત્માની નક્કર ભૂમિને—નિજ શુદ્ધ અસ્તિત્વને—ખ્યાલમાં લઈ નિજ સ્વરૂપમાં લીનતા કરે તો આત્મા ઓળખાય—આત્માની પ્રાપ્તિ થાય.

દેવ-ગુરુના ઉપદેશમાં એમ આવ્યું કે—આ આત્મા વીતરાગમૂર્તિ નિત્યાનંદ ચેતન ધ્રુવ વસ્તુ છે. આત્મા પોતાના ધ્રુવ સ્વરૂપને જાણે છે પોતાની પર્યાય દ્વારા; કેમ કે જાણવાની અર્થક્રિયા પર્યાયમાં હોય છે ધ્રૌવ્યાંશમાં નહિ. આત્મા પોતાની પર્યાય વડે શું જાણે?—કે આત્માની નક્કર અસલી ભૂમિ—ચૈતન્યમય શુદ્ધ અસ્તિત્વ તે જ મારું મૂળ સહજ સ્વરૂપ છે. પોતાના જ્ઞાનાનંદ શુદ્ધ અસ્તિત્વને લક્ષમાં લઈ તેમાં લીનતા કરે તો અનુભૂતિમાં આત્માની પ્રાપ્તિ થાય. અહા! આ એક બોલમાં આખા સિદ્ધાન્તનો સાર ભરી દીધો છે. ભાષા બહુ ટૂંકી, પણ છે એકદમ સિદ્ધાન્તનો સાર. જેણે ધ્રુવપણું ધારી રાખ્યું છે એવી ચૈતન્યધાતુના સહજશુદ્ધ અસ્તિત્વને ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કરે તો આત્મા ઓળખાય—આત્માની પ્રાપ્તિ થાય.

'તે સિવાય બહારથી જેટલાં ફાંફાં મારવામાં આવે તે ફોતરાં ખાંડવા બરાબર છે.'

અહા! આ પ્રમાણે શાસ્ત્રો વાંચશું, ભગવાને કહેલી દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ વગેરે ક્રિયાઓ કરશું, આગમ-અનુસાર ૨૮ મૂળગુણોનું નિર્દોષ પાલન કરશું, આ કરશું ને તે કરશું, પણ ભાઈ! અંતરમાં આત્માની સાચી ઓળખાણ વિના એ

બધાં બહારનાં ફાંફાં છે. આત્મજ્ઞાનશૂન્ય બહારનાં જાણપણાંનાં ને બહારના ક્રિયાકાંડનાં જેટલાં ફાંફાં મારવામાં આવે તે કણ વિનાનાં ફોતરા ખાંડવા બરાબર છે—આત્મહિત માટે સાવ નિરર્થક છે. અંદર કણ તો જ્ઞાનાનંદમય આત્મ-અસ્તિત્વ છે; તેને બરાબર ખ્યાલમાં લઈ, ઓળખાણ કરે તો આત્માની પ્રાપ્તિ થાય. ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય, જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક—એવી જે પોતાની નક્કર અસલી ભૂમિ તેની યથાર્થ ઓળખાણ કરીને તેમાં લીનતા કર તો તને નિજ શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિ પ્રાપ્ત થશે.

અહા! બહેનનું આ પુસ્તક બહુ સરસ, બહુ સરસ!! આ એક પેરેગ્રાફમાં બધી વિધિ આવી ગઈ છે. દેવ-ગુરુને શું કહેવું છે—એ વાત પણ તેમાં આવી ગઈ છે. દેવ-ગુરુ ને ચારે અનુયોગનું કહેવું એક જ છે કે—તારી ધ્રુવ ચૈતન્ય ધાતુને—આત્માના શુદ્ધ અસ્તિત્વને—બરાબર ખ્યાલમાં લઈ, તેમાં લીનતા કર તો આત્મા ઓળખાશે—આત્મા અનુભૂતિમાં પ્રાપ્ત થશે. દેવ-ગુરુએ માર્ગનો ખ્યાલ આપ્યો, પણ એકાગ્ર તો પોતાને થવાનું છે ને? શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા—એ ત્રણેય થઈને માર્ગ છે ને? ધ્રુવ જ્ઞાયકનો શ્રદ્ધામાં આશ્રય કરી, તેનું જ્ઞાન કરી, તેના સ્વરૂપમાં આસીન થવું—સ્થિર થવું તે જ સાચી ઉદાસીનતા એટલે કે આત્મપ્રાપ્તિનો સાચો માર્ગ છે. તે સિવાય બીજું બધું—શાસ્ત્રનાં બહિર્લક્ષી ભણતર, મહાવ્રત-સમિતિ વગેરેનું પાલન, ઉપસર્ગ-પરિષહનું સહન કરવું, જંગલમાં વસવું વગેરે—બહારમાં ફાંફાં મારવા જેવું છે. તે બધું કણ વિનાનાં ફોતરાં ખાંડવાની જેમ વ્યર્થ છે, તેમાં જરાય આત્મલાભ નથી.

—*—

[ વૈરાગ્ય સમાચાર પાનું ૨૫ થી ચાલુ ]

* મુંબઈ નિવાસી શ્રી કિરણભાઈ નવનીતલાલ સી. ઝવેરી (વર્ષ—૪૮) તા. ૩—૪—૮૮ ના રોજ અકસ્માતથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ નિવાસી શ્રી શાંતિલાલ ચુનીલાલ ખાટડીયા (વર્ષ—૭૫) તા. ૩—૪—૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—o—

## વૈરાગ્ય સમાચાર—

* ગોપાલગ્રામ (ઢસા)નિવાસી (હાલ ઘાટકોપર) શ્રી દિવાળીબેન તુલસીદાસ કામદાર (વર્ષ-૧૦૫) તા. ૧૪-૮-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગારીયાધારનિવાસી (હાલ મુંબઈ) શ્રી વસંતબેન ચીમનલાલ શીવલાલ શાહ (વર્ષ-૭૦) તા. ૨૫-૧૨-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી ડગલી હરખચંદભાઈ શાંતિલાલ તથા શ્રી ડગલી વૃજલાલ શાંતિલાલના માતુશ્રી રંભાબેન (વર્ષ-૮૮) તા. ૨૫-૧-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાંદીવલીનિવાસી શ્રી ગાંધી રતીલાલ મગનલાલ (વર્ષ-૭૫) તા. ૧-૨-૮૮ના રોજ પાલઘર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી વિનયલાલ માણેકચંદ શાહ (વર્ષ-૭૨) તા. ૧૪-૨-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ-મલાડ) શ્રી મહાસુખલાલ ભાયચંદ ડગલી (વર્ષ-૫૮) તા. ૧૫-૨-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરતનિવાસી શ્રી મહેન્દ્રભાઈ ભુરાલાલ કામદાર (વર્ષ-૪૦) બ્લડકેન્સરની બિમારીમાં તા. ૧૫-૨-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* તા. ૨૯-૨-૮૮ના રોજ શ્રી ગુણવંતીબેન એ. એન. રૂપાણી-તે સાવરકુંડલાવાળા સ્વ. દામોદરદાસ વકીલનાં પુત્રી સ્વર્ગવાસ પામેલ છે.

* સમરતબેન વાડીલાલ શાહ લીંમડીવાળા-તે ગઢડાવાળા મકનજીભાઈના દિકરી (વર્ષ-૮૭) તા. ૧૦-૩-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી સોનગઢમાં વર્ષોથી રહેતા હતા.

* વિંછીયાનિવાસી (હાલ મલાડ) શ્રી મધુકાંતા મહાસુખલાલ ડગલી (વર્ષ-૫૦) તા. ૨૩-૩-૮૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી મરઘાબેન ધીરજલાલ શાહ (વર્ષ-૮૨)નો તા. ૧૪-૪-૮૮ના રોજ રાજકોટમાં દેહવિલય થયો છે. તેઓ ઘણા વર્ષોથી મકાન બંધાવીને સોનગઢ રહેતા હતા, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ભક્તિવાળા હતા; તેમને તત્ત્વપ્રેમ તથા ધર્મ પ્રત્યે ઉલ્લાસપરિણામ પણ સારા હતા. શ્રી કુંદકુંદ-કહાન-પરિવારયુવકમંડળ (રાજકોટ) તરફથી સોનગઢમાં ઉજવાયેલ પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૯ મા જન્મોત્સવ પ્રસંગે તેમને પૂજ્ય બહેનશ્રીનાં દર્શન કરવાની ઉત્કટ ભાવના હતી, પરંતુ તે ભાવના અધૂરી રહી અને દેહવિલય થઈ ગયો.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૪ ]

(તા. ૧૨-૫-૮૮)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

૯૯ મા 'કહાનગુરુ-જન્મોત્સવ'માં જોયા

## ગુરુભક્તિનાં અનુપમ દર્શન

શ્રી કુંદકુંદ-કહાન દિગમ્બર જૈન પરિવાર યુવક મંડળ (રાજકોટ) દ્વારા પ્રશમમૂર્તિ ધન્યઅવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મોદ્યોતકારી મંગલ સાન્નિધ્યમાં, અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં મનાવવામાં આવેલ (તા. ૧૪ થી ૧૮ એપ્રિલ) આ જિનધર્મપ્રભાવનાવર્ધક મંગલમય 'કહાનગુરુ-જન્મોત્સવ' ગુરુભક્તિનો વસ્તુતઃ એક અસાધારણ, આનંદોલ્લાસપૂર્ણ તેમજ અનુપમ સમારોહ હતો. ગુરુભક્તિથી ભક્તહૃદય એવું ઉત્તરંગિત હતું કે જાણે ભાવિ-તીર્થંકર ભગવાનનાં જન્મકલ્યાણક મનાવવામાં આવતો હોય! ઉત્સવનાં પ્રત્યેક પ્રક્રમમાં ધર્મમાતા સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અસાધારણ ગુરુભક્તિભીની અંતરભાવના, પ્રેરણા તેમજ આશિષયુક્ત કૃપાનાં દર્શન થતા હતા. ઉત્સવને આ અનુપમ ઢંગથી સફલ બનાવવાનું પ્રેરણાસ્રોત હતું પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિ. રાજકોટનાં ૨૫૦ મુમુક્ષુઓ સિવાય સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, ખંડવા, બેંગલોર, કલકત્તા, મદ્રાસ, ઉદેપુર, દિલ્હી, ઇન્દોર આદિ અનેક વિભિન્ન પ્રદેશોથી, આ ગુરુભક્તિનાં મંગલ ઉત્સવથી લાભાન્વિત થવા માટે લગભગ ૨૦૦૦ મહેમાનો પધાર્યા હતા.

ઉત્સવનાં આગલા દિવસથી લગભગ ૬૦૦ થી વધારે મહેમાન આવી ગયા હતા. ઉત્સવનાં દરેક દિવસ ઉઠતાની સાથે—સવારમાં જાગતાની સાથે—મુમુક્ષુઓને "હું જ પરમાત્મા છું—એમ નક્કી કર, "હું જ પરમાત્મા છું" એવો નિર્ણય કર, "હું જ પરમાત્મા છું" એવો અનુભવ કર. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો-કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે, "હું પરમાત્મા છું" એમ નક્કી કર!....પૂજ્ય ગુરુદેવનો આ મંગલ ઉપદેશ તેમજ આશીર્વાદ પ્રાપ્ત થતા હતા.

સમારોહની શરૂઆતમાં શ્રી કુન્દકુન્દ-કહાન પરિવાર યુવક મંડળ (રાજકોટ)નાં નેતા ડૉ. પ્રવીણભાઈ દોશીએ પોતાનાં સ્વાગત ભાષણમાં પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવ પ્રતિ ઉપકાર ભાવભીની હૃદયોર્મિ વ્યક્ત કરી હતી અને જેમની કલ્યાણી છાયામાં

'ગુરુ–જન્મોત્સવ' મનાવવાનો આ સુવર્ણ અવસર રાજકોટનાં પરિવાર યુવક મંડળને પ્રાપ્ત થયો, તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ ભક્તિભાવપૂર્ણ આભાર પ્રદર્શિત કર્યો હતો.

કહાનગુરુ–જન્મોત્સવ નિમિત્તે આયોજિત કરવામાં આવેલ 'પંચપરમેષ્ઠીમંડળવિધાન પૂજા'નાં સમયે પરમાગમમંદિર ભરાઈ જતું હતું. વિધાન પૂજા (કાયમી) ૧. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તેમજ કેટલાંક બ્રહ્મચારી બહેનો ૨. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર મુંબઈ ૩. શ્રી ઝવેરીબેન પરસોત્તમદાસ કામદાર મુંબઈ ૪. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ હસ્તે જિતુભાઈ સોનગઢ તથા (પ્રાસંગિક) ૧. શ્રી કુન્દકુન્દકહાન પરિવાર યુવક મંડળ (રાજકોટ)—હસ્તે શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયા, ૨. સ્વ. શ્રી ઝવેરીબેન ચતુરદાસ ભાયાણી જમશેદપુર, ૩. શ્રી વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ, ૪. એક મુમુક્ષુબેન હ. ઈન્દુબેન, ૫. શ્રી દિનેશચંદ્ર અંબાલાલ શાહ મુંબઈ, ૬. શ્રી દોલતરાય માણેકચંદ મહેતા હસ્તે પુષ્પાબેન જામનગર.

પૂજ્ય ગુરુદેવની શુદ્ધાત્મતત્ત્વપ્રદર્શિણી સાનુભવ વાણીની મહિમા તો શું કહીએ! તદુપરાંત સમાગત વિદ્વાનમાં—સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ દોશી, શશિકાન્તભાઈ શેઠ, લાલુભાઈ કામદાર તેમજ હિંમતભાઈ ડગલીનાં ગુરુભક્તિભીના તેમજ તત્ત્વજ્ઞાનપૂર્ણ પ્રવચન પણ આકર્ષક હતા. સવારમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિડિયો–ટેપ પ્રવચન પછી આપણા આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા તેમના વૈરાગ્ય તેમજ ગુરુભક્તિ રસભીની મધુર સ્વરથી દરરોજ કરાવેલ ભક્તિ ગુરુભક્તોને અતીવ પ્રમુદિત કરતી હતી. બપોરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં નિવાસસ્થાન પર ચાલતી અધ્યાત્મતત્ત્વચર્ચા આબાલ ગોપાલ બધાને અત્યન્ત આનંદપ્રદ રહી. પૂજ્ય ગુરુદેવની ઉપકાર મહિમા પ્રસ્તુત કરતી ભગવતીમાતા, પોતાના સ્વાનુભૂતિમુદ્રિત લોકોત્તર સ્પષ્ટ જ્ઞાનથી પરમપૂજ્ય કહાનગુરુદેવની 'અદ્વિતીય કંદ્રવ્ય' રૂપ દિવ્યતાનાં તેમજ તેમની પવિત્ર જ્ઞાનચેતનાનો જો પરિચય ન કરાવત તો આપણા જેવા પામર જીવ અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો ભવાન્તકારી મહાન લાભ તેમજ સત્પુરુષની કલ્યાણી ભક્તિ કેવી રીતે મેળવત ?

'ગુરુ–જન્મોત્સવ'ને અનુરૂપ સમસ્ત જિનાયતન તેમજ સ્વાધ્યાયમંદિરનું સુશોભન અતીવ મનમોહક હતું. મનોહર 'બેનર', 'થરમોકોલ'થી બનાવેલ કમળ કાચ નિર્મિત સ્વસ્તિક તેમજ 'ૐ' આદિ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. 'ઇલેકટ્રોનિક પદ્ધતિ'થી ચાલતા બે ભવ્ય દશ્ય પણ બધાને આકર્ષિત કરતા હતા.

ઉત્સવમાં દરરોજ આપણા વિદ્વદ્રત્ન અધ્યાત્મતત્ત્વનાં મર્મજ્ઞ આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા, તેમના મધુર સ્વરથી કરાવવામાં આવેલ મંડલવિધાન પૂજા, બપોરે ભક્તિનાં સમયે ગવાયેલ જિનેન્દ્રભક્તિ તેમ જ ગુરુભક્તિનાં

ભાવવાહી ભજન મુમુક્ષુ સમાજને ભક્તિરસમાં નિમગ્ન તેમ જ પ્રમુદિત કરી દેતા હતા.

ઉત્સવના દિવસોમાં રાત્રિ-ટેપપ્રવચન પછી સમ્મેદશિખર તેમ જ સુવર્ણપુરી માનસ્તંભ-પ્રતિષ્ઠાની ફિલ્મ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન કરાવેલ હતા તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા બતાવવામાં-સંભળાવવામાં આવેલ હતી. વૈશાખ સુદ ૧ને દિવસે જામનગરની બાલિકાઓ દ્વારા પ્રસ્તુત કરેલ, 'પૂજ્ય ગુરુદેવશ્રીનાં જીવન તેમ જ ઉપકાર' વિષયક ભક્તિભીનો વાર્તાલાપ પણ ભાવવાહી હતો.

## ❋ વૈશાખ સુદ બીજ : ગુરુજન્મોત્સવ ❋

સવારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન તથા 'ગુરુ-જન્મવધાઈ', ત્યારબાદ મંડળવિધાન પૂજા સમાપન, ત્યારબાદ સ્વાધ્યાય મંદિરમાં પરમ તારણહાર પૂજ્ય કહાનગુરુદેવનાં સંગેમર્મર-નિર્મિત મનોજ્ઞ પ્રતિકૃતિ સમક્ષ પૂજ્ય બહેનશ્રી દ્વારા કરવામાં આવેલ—

ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,<br>
જન્મ્યા તારણહાર રે,<br>
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

કહાનચરણથી સુવર્ણપુરનો,<br>
ઉજ્જવળ બન્યો ઇતિહાસ રે,<br>
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

'ભગવાન' છો સિંહનાદોથી ગાજતું,<br>
સુવર્ણપુર તીર્થધામ રે,<br>
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

રત્નચિંતામણી ગુરુવર મળિયા,<br>
સિધ્યાં મનવાંછિત કાજ રે,<br>
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે.

—ઇત્યાદિ અતિ ભાવવાહી ગુરુભક્તિ, અને પછી ધાતકીદ્વીપ-વિદેહનાં ભાવિ સર્વજ્ઞ-વીતરાગ પરમાત્માનાં, જન્મકલ્યાણક સુમેરુયાત્રોપમ, ભવ્ય તેમ જ મોટો શાનદાર રથોત્સવ વિગેરે ક્રમ ખરેખર અતીવ અદ્ભુત હતો. રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ગંધકુટી પર ભવ્ય રથમાં શ્રી 'ભાવિજિનવર', સુશોભિત 'જીપ'માં ભગવત્કુન્દકુન્દાર્યદેવનું તેમ જ પાંચ હિરણની 'જીપ'માં પૂજ્ય ગુરુદેવનું ભવ્ય વિશાલ ચિત્રપટ, વિભિન્ન બગીઓમાં શ્રી સમયસાર, 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' 'બહેનશ્રીનાં વચનામૃત', બહેનશ્રીનું ભવ્ય ચિત્રપટ તેમજ 'મોટર-કેરિયર'માં રચવામાં આવેલું—ઉમરાળા

જન્મધામ, પિતાજી મોતીચંદભાઈ, કહાનકુંવરને પારણામાં ઝુલાવતી માતા 'ઉજમબા', નામકરણ માટે સમાગત જ્યોતિષાચાર્ય, પૂજ્ય ગુરુદેવનાં પ્રભાવનાઉદયથી નિર્મિત સમસ્ત જિનમંદિર, ગુરુદેવ દ્વારા સસંઘ કરેલ સમ્મેદશિખર, રાજગૃહી, ગિરનાર, બાહુબલી, પૌન્નર આદિ તીર્થધામની મંગલયાત્રા આદિ અતિશય મનોજ્ઞ દૃશ્યયુક્ત–'Float ફ્લોટ' આદિથી રથયાત્રા અતિ સુન્દર લાગતી હતી. ઘાટકોપર, વઢવાણ તેમ જ શ્રી કુંદકુંદ –કહાન પરિવાર યુવક મંડળ (રાજકોટ)ની દિ. જૈન ભજનમંડળીએ પોતાની વિશેષ ભક્તિભાવથી આ રથયાત્રા તેમજ મહોત્સવની શોભામાં પોતાનો હાર્દિક સહયોગ આપ્યો હતો.

રથયાત્રા પછી પૂ. ગુરુદેવશ્રીના વિડીયો ટેપ–પ્રવચન પછી સમસ્ત મુમુક્ષુસમાજ તરફથી આપણા આદરણીય વિદ્વાન પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ (રાજકોટ) તરફથી ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશીએ પરમોપકારી પૂજ્ય ગુરુદેવ પ્રતિ પોતાની ઉપકૃતભાવભીની ભાવાંજલિ સમર્પિત કરી હતી. પં. શ્રી હિંમતભાઈએ પોતાનાં ગુરુ–ભક્તિભીનાં ભાવાર્દ્ર વક્તવ્યમાં ઉપકારમેરુ પરમપૂજ્ય કહાનગુરુદેવનાં જીવનની સ્વાનુભવવિભૂષિત આધ્યાત્મિક વિશેષતા સાથે 'ગુરુદેવનું આત્મદ્રવ્ય ત્રિકાળ મંગળ છે, તેઓ મહાન મંગલમૂર્તિ છે, તેમનો આત્મા સુમંગલ, દૃગજ્ઞાનમંગલ, ગુણગણ મંગલ, સ્વાધ્યાય, ધ્યાન, લગન, સ્વાનુભવમુદ્રિત વાણી, મધુર ઝંકાર, બ્રહ્મચર્ય, વૈરાગ્ય ઇત્યાદિ બધું જ મંગલ છે.—ઇત્યાદિ ભક્તિરસપ્લાવિત ગુણાનુવાદ દ્વારા સમસ્ત મુમુક્ષુસમાજનાં ચિત્તમંદિરમાં આ ગુરુજન્મોત્સવને મંગલમય બનાવી દીધો હતો.

બપોરે શાસ્ત્ર-પ્રવચન પછી શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ (રાજકોટ)નાં અધ્યક્ષ શ્રી હીરાભાઈ મહેતા દ્વારા આભારદર્શન, દેવગુરુભક્તિ, સાંજે શ્રી જિનેન્દ્ર-આરતી, ત્યારપછી પૂજ્ય ગુરુદેવશ્રીનું વિડિયો–ટેપપ્રવચન, તત્પશ્ચાત્ સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવનાં 'સ્ટેચ્યુ'ની સમક્ષ વિશેષ આનંદોલ્લાસ સાથે કરાવેલ 'ગુરુભક્તિ' પછી આ ૯૯ મી 'ગુરુ-જન્મજયંતી'નો સ્વર્ણિમ સમારોહ, આગામી 'શતાબ્દી જન્મોત્સવ'ની ભેરી બજાવતો આનંદ સાથે સમાપ્ત થયો.

| | |
|---|---|
| * જન્મજયંતીનાં અવસર પર સંસ્થાને '૯૯'ની રકમ ૯૯ × ૬૭૯ = | ૬૭૨૨૧–૦૦ |
| રથયાત્રાની બોલીમાં | ૩૮,૫૧૧–૦૦ |
| સવારમાં ગુરુદર્શન અને રથયાત્રામાં ભગવાનને તથા કહાનકુંવરને વધાવવામાં | ૬૧૨૫–૬૦ |
| આરતીમાં | ૪૩૨૭–૫૦ |
| પ્રસંગ દરમ્યાન વિવિધ ખાતામાં | ૧૮,૦૦૦–૦૦ |

આમ કુલ રકમ રૂા. ૧,૩૪,૧૮૫–૧૦ દાનખાતે આવી હતી.

* સત્સાહિત્યમાં સ્વ. શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી હસ્તે દિનેશભાઈ ત
જયવંતભાઈ મેઘાણી મલાડ તરફથી ૧૦% તેમજ 'પૂ. ગુરુદેવશ્રીનાં વચનામૃત'
ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂ. બેનશ્રી ચંપાબેન તથા કેટલાંક બ્રહ્મચારી બહે
તેમજ મંજુલાબેન રજનીકાંત પુનાતર મુંબઈ તરફથી પ્રત દીઠ રૂપિયા એક એક કમીશ
રાખવામાં આવેલ. કુલ રૂા. ૧૮૬૧૯-૭૦નું સત્સાહિત્યનું વેચાણ થયેલ.

* ધાર્મિક શિક્ષણવર્ગનો શુભ આરંભ તા. ૧૪-૪-૮૮ થી થયો હતો. પં
દિવસનાં આ શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એવા બે વર્ગ રાખેલ હતા. ઉત્તમવર્ગ
બ્ર. ચંદુભાઈએ તથા મધ્યમવર્ગમાં ડો. પ્રવીણભાઈ દોશી તથા બ્ર. વ્રજલાલભાઈ
શિક્ષણ આપેલ હતું. તદુપરાંત બ્ર. આશાબેન (ખંડવા) દ્વારા બહેનોનાં તેમજ બ
કોકિલાબેન ખારા દ્વારા નાના બાળકોને પણ શિક્ષણ દેવામાં આવતું હતું. જન્મજયંતી
દિવસોમાં ૧૧૦ યુવક તેમજ પ્રૌઢ મુમુક્ષુ, ૧૫૦ મહિલા તેમજ ૧૦૦ બાળક-બાલિકાઓ
શિક્ષણનો લાભ લીધો. કલકત્તા, ખંડવા, ઉદેપુર, જલગાંવ, ખેરાગઢ, રાજકોટ, જામનગર
ભાવનગર, મુંબઈ, ઘાટકોપર, મલાડ, દાદર, અમદાવાદ, વઢવાણ, સુરેન્દ્રનગર, અંકલેશ્વર
દિલ્હી આદિ અનેક ગામથી આવેલા સજ્જનોએ અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણનો લાભ લીધો.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બેનશ્રી ચંપાબેનને હીરાથી સન્માન કરવાનાં હર્ષોપલક્ષમાં—
રૂા. ૫૦૦૫-૦૦ રાજકોટવાળા હાલ મુંબઈ વસંતલાલ પ્રભુલાલ પારેખ.
રૂા. ૫૦૦૧-૦૦ શ્રી મનુભાઈ પાનાચંદ કામદાર વડોદરા
તરફથી નંદીશ્વરદ્વીપ જિનાલય, જ્ઞાનપ્રચાર ઇત્યાદિ ખાતામાં જાહેર કરેલ છે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૯ મી જન્મજયંતિ તેમજ આગળ-પાછળ દિવસોમાં
પ્રશમમૂર્તિ પૂ. બેનશ્રી ચંપાબેનનાં ચરણોમાં આવેલ રકમ રૂા. ૨૬,૫૦૦-૦૦ 'ગુરુદેવશ્રીનાં
વચનામૃત' પુસ્તક પ્રકાશન ખાતામાં તેમજ કહાનનગર સોસાયટીમાં પૂ. બેનશ્રીનાં
પદાર્પણનાં સમયે તેમનાં ચરણોમાં આવેલ રકમ રૂા. ૧૦,૮૭૦-૦૦ જ્ઞાન ખાતામાં-આમ
કુલ રૂા. ૩૭,૩૭૦/—જાહેર કરવામાં આવેલ છે.

* વૈશાખ સુદ-૩ (અક્ષય તૃતીયા-ઋષભમુનિવર-આહારદાનપર્વ), વૈશાખ સુદ-૧૦
(વીર-કેવલકલ્યાણ દિવસ), વૈશાખ વદ-૬ (સમવસરણની વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ),
વૈશાખ વદ-૮ (સ્વાધ્યાયમંદિર તેમજ તેમાં પ્રતિષ્ઠિત 'સમયસાર'ની વાર્ષિક તિથિ)
પૂજાભક્તિનાં વિશેષ સમારોહથી મનાવવામાં આવેલ હતી, તથા તે દિવસે 'પૂ. બહેનશ્રી
ચંપાબેન અભિનંદન ગ્રંથ'ના મુદ્રણની શરૂઆતનો ઉત્સવ પણ આનંદોલ્લાસપૂર્વક
મનાવવામાં આવેલ હતો.

આ પ્રમાણે જ્ઞાનાભ્યાસ તેમજ વીતરાગ દેવ-ગુરુ-મહિમાની આનંદમય હરિયાળીથી
પૂજ્ય ગુરુદેવની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરી હંમેશાં સુશોભિત બની રહે છે. મહિમા
અહો ગુરુ-કહાનની!

—૦—

# આગમ મહાસાગરના અણમૂલાં રત્નો

(૧) નિશ્ચયથી નિત્ય રહેવાવાળું દ્રવ્ય, કઈ અનિત્ય પર્યાયથી જુદું છે? અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળી કઈ પર્યાય, નિત્ય દ્રવ્યથી જુદી છે? આ જગતમાં નિત્ય રહેવાવાળુ દ્રવ્ય, ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળા પર્યાયરૂપ સ્વઅંશ વિના હોતું નથી અને ક્ષણ ક્ષણમાં નષ્ટ થવાવાળો અંશ, દ્રવ્ય વિના હોતો નથી.

( શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વ સ્ફોટ, સ્તુતિ. ૧૮. શ્લોક–૮ )

(૨) અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમના કારણભૂત દાન-પૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને અહિત સમજે છે. સમ્યગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત નિશ્ચયરત્નત્રયપરિણત પરમાત્મદ્રવ્યને હિત સમજે છે અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વ રાગાદિ પરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે.

( શ્રી પંચાસ્તિકાય, જયસેન આચાર્યકૃત ગાથા ૧૨૫ ની ટીકામાંથી )

(૩) આ (પ્રશસ્તરાગ) ખરેખર, જે સ્થૂળ–લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે. ઉપરની ભૂમિકામાં (ઉપરનાં ગુણસ્થાનમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત જ્ઞાનીને પણ હોય છે. (શ્રી પંચાસ્તિકાય, અમૃતચંદ્ર આચાર્ય, ગાથા ૧૩૬ ની ટીકામાંથી)

(૪) શ્રુતિઓનો અંત નથી (–શાસ્ત્રોનો પાર નથી) કાળ થોડો છે અને આપણે દુર્મેધ (-મંદબુદ્ધિ) છીએ. માટે તે જ કેવળ શીખવા યોગ્ય છે કે જે જરા–મરણનો ક્ષય કરે.

( શ્રી પંચાસ્તિકાય, અમૃતચંદ્ર આચાર્ય, ગાથા ૧૪૬ની ટીકામાં–ઉધ્ધૃત શ્લોક )

( મુનિવર રામસિંહ પાહુડ–દોહા ગાથા–૯૮ )

—ㅇ—

* ક્યાંય રોકાઈશ નહીં. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ—એ રહેવા દે બાપુ! મોત માથે નગારા વગાડે છે. પછી કરીશ, પછી કરીશ એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે આ કરું...આ કરું—એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં.

* બહારમાં હોંશ ન કરીશ ભાઈ! એ બધું તો ક્ષણભંગુર છે ને અનંતવાર મળ્યું છે. બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને અનંતગુણનો પિંડ આત્મા એ મારું સર્વસ્વ છે એમ માન. ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્યની જળહળ જ્યોત છે. તેનું પરિણમન થાય તે જીવનું જીવન છે. પુણ્ય-પાપ ને તેના ફળમાં સર્વસ્વ માને છે તે અસાધ્ય-બેશુદ્ધ થઇ ગયો છે. માટે હવે બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માન.

—પૂજ્ય ગુરુદેવશ્રી; ( દૃષ્ટિનાં નિધાન )

**Licence No. 3 ' Licensed to post without prepayment '**

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH–364 250 ( INDIA )**

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/– પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012